શ્રી સ્વામી દયાનંદ સરસ્વતી નિર્મિત ઋગ્વેદાદિભાષ્યભૂમિકાનું

‘પ્રામાણ્યાપ્રામાણ્ય’ વિષયનું પ્રકરણ.

પ્રકાશક

મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભા

કાર્યાલય—આણંદ

[વિક્રમ સંવત ૧૯૮૫ | આર્ય સંવત ૧૯૭૨૯૪૯૦૨૯ | દયાનન્દાબ્દ ૧૦૫

આવૃત્તિ ૧] [પ્રત ૧૦૦૦

મૂલ્ય: ૦—૨—૦

આ પુસ્તક રાવજી પુંજા 'આર્ય પ્રકાશ' મુદ્રણાલય સ્ટેશન રોડ આણંદમાં
મ. ભાનુભાઈ કૃ. પટેલે મુંબઈ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભા
માટે છાપ્યું. તા. ૧-૪-૧૯૨૯.

॥ ओ३म् ॥

વૈદિક ધર્મના

પ્રમાણ તથા અપ્રમાણ ગ્રંથ

શ્રી સ્વામી દયાનન્દ સરસ્વતી નિર્મિત ઋગ્વેદાદિભાષ્યભૂમિકાનું
'પ્રામાણ્યાપ્રામાણ્યનું' પ્રકરણ.

પ્રકાશક

મુંબઇ પ્રદેશ આર્ય પ્રતિનિધિ સભા.

કાર્યાલય—આણંદ.

વિક્રમ સંવત	આર્ય સંવત	દયાનન્દાબ્દ
૧૯૮૫	૧૯૬૦૮૫૩૦૨૯	૧૦૬

પ્રત—૧૦૦૦

મૂલ્ય ૦—૨—૦

નિવેદન

આપણાં ધર્મશાસ્ત્રો ક્યાં છે? અને તેમાં ક્યાં શાસ્ત્રો વેદાનુકુલ યાં આધુનિક કપોલકલ્પિત છે તેનું યથાર્થ જ્ઞાન જ્યાંસુધી તે શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં ન આવે ત્યાંસુધી થઇ શકે નહિ; પરંતુ સ્વામી શ્રી દયાનંદ સરસ્વતી મહારાજે વેદોનાં ભાષ્ય કરતી વખતે ભૂમિકા લખી છે જેને તેઓશ્રીએ "ઋગ્વેદાદિભાષ્યભૂમિકા" એવું નામ આપેલું છે. આ ભાષ્યભૂમિકામાં વેદોના સંબંધમાં તેમાંના વિષય સંબંધે સામાન્ય ઉલ્લેખ કરેલો છે. એ વિષયો પૈકી એક 'પ્રામાણ્યાપ્રામાણ્ય-વિષય'નું પ્રકરણ આવે છે, જેમાં સર્વ પ્રકારના ધર્મગ્રંથોની આલોચના કરેલી છે. આ પ્રકરણ અતિ ઉપયોગી હોઇ જનસમાજમાં તેનો બ્હોળો ફેલાવો કરવાની આવશ્યકતા લાગી અને તેથી ઋગ્વેદાદિભાષ્ય-ભૂમિકાની દ્વિતિય આવૃત્તિ છપાતા સમયે આ પ્રકરણ આખુંય જુદા ટ્રેક્ટ રૂપે છાપીને પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ઇલાકાના આર્યસમાજો તથા જ્યાં આર્યસમાજ ન હોય ત્યાં વસતા આર્યોનો પરમધર્મ છે કે આ ટ્રેકટનો જેટલો બને તેટલો બ્હોળો ફેલાવો કરી જનસમાજને સાચા ધર્મશાસ્ત્રોના પરિચય કરાવે જેથી તે વડે ઐહિક અને પારમાર્થિક ઉન્નતિનો લાભ ઉઠાવી શકે.

આપના આર્યબંધુઓ

મણિલાલ ભોગીલાલ ઘડિયાળી

અંબાલાલ પ્રભુદાસ પટેલ.

પુસ્તકાધ્યક્ષ, મું. પ. આ. પ્ર. સભા.

વૈદિક ધર્મના
પ્રમાણ તથા અપ્રમાણ ગ્રન્થો

શ્રી સ્વામી દયાનંદ સરસ્વતી નિર્મિત

ઋગ્વેદાદિભાષ્યભૂમિકાનું

'પ્રામાણ્યાપ્રામાણ્યવિષય' નું પ્રકરણ.

अथ ग्रन्थप्रामाण्याप्रामाण्यविषयः।

સૃષ્ટિના આરંભથી આજસુધી નિષ્પક્ષપાતી, ધાર્મિક, રાગદ્વેષરહિત સદાચારી, સર્વના ઉપર ઉપકાર કરનારા આર્ય, વિદ્વાન્ અને મહાત્માઓએ જે જે ગ્રંથ સ્વતઃ પ્રમાણ તથા જે જે ગ્રંથ પરતઃ પ્રમાણ માન્યા છે તે વિષેની માહિતી આગળ આપી છે. ઈશ્વરપ્રણિત ગ્રંથ સ્વતઃ પ્રમાણ અને મનુષ્યરચિત ગ્રંથ પરતઃ પ્રમાણ છે. પર-

... સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને ભ્રમાદિ દોષરહિત હોવાથી તેણે નિર્માણ કરેલા
પ્રમાણ છે, તેમના પ્રામાણ્યને માટે બીજા એક પણ પ્રમાણની આવ-
: સૂર્યની સિદ્ધિને સિદ્ધ કરવા બીજા પ્રકાશની આવશ્યકતા નથી
પ્રામાણ્યને માટે વેદજ પુરતા છે, અન્ય ગ્રંથો આધુનિક હોવાથી
પ્રામાણ્ય કરવવું તે મોટી ભૂલ છે. જે ગ્રંથ વેદની વિરૂદ્ધ હો
વેદના જ્ઞાનકરવાં વિરૂદ્ધ જ્ઞાન જેમા છે તે સર્વ ગ્રંથ ત્યાજ્ય છે. વેદ અને
અન્ય ગ્રંથમાં જ્યાં પરસ્પર વિરોધ આવે ત્યાં વેદજ પ્રમાણ માનવા. કારણ વેદ
ઇશ્વરપ્રણિત, જ્ઞાનપૂર્ણ અને સ્વતઃ પ્રમાણ છે. બ્રાહ્મણ ગ્રંથ વેદનાં વ્યાખ્યાન છે,
માટે તે વેદાનુકુલ હોય તેજ પ્રમાણ માનવા. બ્રાહ્મણ ગ્રંથ અને વેદની અગિઆરસો
સત્તાવિશ શાખામાંના વ્યાખ્યાનમય ગ્રંથોમાં જેટલો ભાગ વેદાનુકુલ હોય તેટ-
લોજ પ્રમાણ અને પ્રતિકુલ હોય તેટલો અપ્રમાણ માનવો. એજ પ્રમાણે (૧)
શિક્ષા, (૨) કલ્પ, (૩) વ્યાકરણ, (૪) નિરૂક્ત, (૫) છંદ અને (૬) જ્યો-
તિષ એ વેદનાં છ અંગ અને (૧) આયુર્વેદ (વૈદકશાસ્ત્ર), (૨) ધનુર્વેદ (શસ્ત્રાસ્ત્ર-
વિદ્યા), (૩) ગાંધર્વવેદ (ગાનવિદ્યા) અને (૪) અર્થવેદ (શિલ્પશાસ્ત્ર) એ ચાર
ઉપવેદ તેમના વિષે પણ જાણવું. ચરક, સુશ્રુત, નિઘંટુ આદિ આયુર્વેદના ગ્રંથ છે.
ધનુર્વેદના ગ્રંથ પ્રાયઃ લુપ્ત થયા છે, તથાપિ શોધ અને પ્રયત્ન કરનારને તત્સ-
મ્બન્ધી સર્વ વિદ્યા અને ક્રિયાની માહિતી હજી પણ થાય તેમ છે. અંગિરસાદિ ઘણા
ઋષિઓના ગ્રંથ એ વિષય ઉપર હતા. પરંતુ રચનારાઓએ તો, બીજી વિદ્યાની સિદ્ધિ
ઉપર ધનુર્વેદની સિદ્ધિનું અવલંબન છે તે ભૂલવું જોઇએ નહિ. પદાર્થોના ગુણદોષ
જાણ્યા પછી શસ્ત્રો અને અસ્ત્રો બનાવવાં કાંઇ દુસાધ્ય નથી. ગાનવિદ્યા એને ગાંધર્વ-
વેદ કહે છે. એમાં નારદાદિ મુનિકૃત ગ્રંથો છે. અર્થવેદના ગ્રંથ વિશ્વકર્મા ત્વષ્ટા
મય આદિ ઋષિઓએ લખેલા છે. (૧) પાણીન્યાદિ મુનિકૃત શિક્ષા, (૨) માનવ
કલ્પસૂત્રતે કલ્પગ્રંથ (૩) પાણિની કૃત અષ્ટાધ્યાયી, ધાતુપાઠ, ઉણાદિકોષ, પ્રાતિ-
પદિક, ગણપાઠ અને પંતજલી કૃત મહાભાષ્ય એ વ્યાકરણગ્રંથ (૪) યાસ્કા-
ચાર્ય કૃત નિઘંટુ અને નિરૂક્ત. (૫) પિંગળાચાર્ય કૃત છંદશાસ્ત્ર અને (૬)
વસિષ્ઠાદિ મુનિપ્રણિત રેખા—બીજ ગણિતયુક્ત જ્યોતિષ શાસ્ત્ર આ છ
વેદનાં અંગ છે. તેજ પ્રમાણે (૧) વ્યાસસૂત્ર—

નિરુક્ત ભાષ્ય સહિત જૈમિનિ મુનિપ્રણિત કર્મકાંડ વિધાયક અને ધર્મધર્મિવ્યાખ્યાનમય પૂર્વમીમાંસા. (૨) પ્રશસ્તપાદ ભાષ્યસહિત કણાદમુનિકૃત વૈશેષિક દર્શન. એમાં ધર્મ અને ધર્મિનું પ્રતિપાદન વિશેષ કરેલું છે. (૩) વાત્સ્યાયનમુનિકૃત ભાષ્યસહિત ગૌતમ મુનિપ્રણિત ન્યાયશાસ્ત્ર એમાં સૃષ્ટિના પદાર્થોની પરીક્ષા કેવી રીતે કરવી તેનું જ્ઞાન છે. (૪) વ્યાસમુનિકૃત ભાષ્યસહિત પતંજલીમુનિપ્રણિત યોગ્યદર્શન એમાં પૂર્વમીમાંસા, વૈશેષિક—ન્યાય એ ત્રણે દર્શન કારોએ પ્રતિપાદન કરેલા પદાર્થોને સાક્ષાત્ કરવાનાં સાધનનું વર્ણન છે. (૫ ભાગુરિમુનિકૃત ભાષ્યસહિત કપિલાચાર્યકૃત સાંખ્યશાસ્ત્ર એમાં તત્વપરિગણન અને તત સંબંધી વિચારો છે. (૬) બૌદ્ધાયન વૃત્તિ આદિ વ્યાખ્યાસહિત વ્યાસ મુનિકૃત વેદાંતદર્શન. એમાં બ્રહ્મવિચાર છે. આ પ્રમાણે વેદનાં છ ઉપાંગ એમનેજ ષડદર્શન પણ કહે છે. આ અંગ અને ઉપાંગ ગ્રંથોના પઠનથી વેદનું અ યન સુલભ થાય છે. અને વેદાર્થ સમજવામાં મદદ મળે છે. તેજ પ્રમાણે નિષદોમાં (૧) ઇશ, (૨) કેન. (૩) કઠ, (૪) પ્રશ્ન, (૫) મુંડક, (માંડૂક્ય, (૭) તૈત્તિરીય, (૮) ઐતરેય (૯) છાંદગ્ય અને (૧૦) બૃહદાર આ દશ ઉપનિષદો પ્રમાણભૂત છે. વેદ, વેદાંગ, ઉપાંગ અને ઉપનિષદ્ ગ્રંથના પઠ ચૌદે વિદ્યાઓ સાધ્ય થાય છે. તેમના પઠનથી જ્ઞાન અને ક્રિયાનું સંપૂર્ણજ્ઞાન છે. તેથી માનસ વ્યવહાર અને બાહ્ય વ્યવહારમાં પુરૂષ ચતુર થઇને સર્વપ્રક મહાવિદ્વાન્ થાય છે, માટે ઇશ્વરપ્રણિત ચાર વેદ, વેદાનુકુલ ઋષિપ્રણિત સત્યધર્મવિદ્યાયુકત, મંત્રવ્યાખ્યાનમય અને યુકિતપ્રમાણસિદ્ધ બ્રાહ્મણગ્રંથ પ્રમાણભૂત ગણવા વેદના પ્રમાણને માટે કોઇપણ જાતની શંકા કરવી નહિ જોઇએ. પણ બીજા ગ્રંથ જે અલ્પવિદ્યા, પક્ષપાત અને ક્ષુદ્ર વિચારવાળા લોકોએ રચેલા હોય, તે ગ્રંથો સર્વથા અપ્રમાણ માનવા. આપ્ત પુરૂષોએ લખેલા ન હોય, વેદ વિરૂધ્ધ જેમાં વર્ણન હોય, યુકિત અને પ્રમાણથી ત્યાજ્ય માલુમ પડે એવા ગ્રંથોને કોઇએ પણ પ્રમાણ માનવા નહિ.

(૧) રૂદ્રયામલાદિ મનની તમોવૃત્તિ કરનારા તંત્રગ્રંથ, (૨) બ્રહ્મ વૈવર્તાદિક કલ્પિત ગાથાઓથી ભરેલાં પુરાણો અને ઉપપુરાણો, (૩) મનુસ્મૃતિના પ્રક્ષિપ્તશ્લોકો તથા અન્ય સ્મૃતિગ્રંથ (૪) સારસ્વત, ચંદ્રિકા, કૌમુદી વગેરે વાદ વધારનારા વ્યાકરણ ગ્રંથ, (૫) નિર્ણયસિંધુ વગેરે ક્ષુદ્ર વાતોનાં નકામાં મહત્વ વધારનારા ધર્મગ્રંથ, (૬) તર્કસંગ્રહ, જાગદેશી વગેરે ન્યાયાભાસગ્રંથ (૭) હઠયોગપ્રદીપિકા આદિ યોગગ્રંથ, (૮) સાંખ્યતત્વકૌમુદી વગેરે આધુનિક વેદાન્તગ્રંથ, (૧૦) મુહૂર્તચિંતામણી અને જન્મપત્રિકા, ફલાદેશ ઇત્યાદિના સાધનીભૂત અને સર્વને ભ્રમસાગરમાં નાંખનાર જ્યોતિષગ્રંથ (૧૧ ત્રિકંડિકસ્નાનસૂત્ર વગેરે શ્રૌતસૂત્રોની સાથે વિરૂધ્ધતા રાખનારા પરિશિષ્ટગ્રંથ,

(૧૨) કાર્તિકાદિ માસનાં મહાત્મ્ય બતાવનારા ગ્રંથો, એકાદશી, કાશીસ્થ જલસેવન, ક્ષેત્ર યાત્રા, મૂર્ત્તિદર્શન, નામસ્મરણ જડમૂર્તિપૂજાદિ વ્યર્થ વ્રતોનાં મહાત્મ્ય વધારીને તેનાથી તત્કાલ મુકિત મળે છે અને સર્વ જન્મનાં પાતક નષ્ટ પામે છે એવાં વિધાન કરનારા વસ્તુસ્થિતિ વિરૂધ્ધ ગ્રંથ, (૧૩) પાખંડસાંપ્રદાયિક સર્વ પુસ્તકો, (૧૪) ...રતક ગ્રંથ અને આ વિનાના બીજા વેદ તથા યુકિત પ્રમાણ વિરૂધ્ધ સર્વ ગ્રંથોના ...ાણ માનવા યોગ્ય નથી. વેદ, વેદાંગ અને ઉપાંગ તથા તેના ઉપરનાં ભાષ્યોનેજ તે શાસ્ત્રોમાં પ્રમાણ સમજવાં.

પ્રશ્ન :— પુરાણાદિ ગ્રંથોમાં આવેલી કેટલીક વાતોનો ભાવાર્થ ઉત્તમ છે અને ...કમાં ઘણો ખરો સત્યનો અંશ પણ છે. તેમ છતાં સર્વ ગ્રંથોનો ત્યાગ કરવો આપ શા માટે કહો છો ?

ઉત્તર—વિષયુકત અન્ન પ્રમાણે પુરાણોની સ્થિતિ છે. જે પ્રમાણે વિષમિશ્રિત હોય તેટલું બધું નાંખી દેવું પડે છે તેજ પ્રમાણે સત્યાસત્ય કથાઓથી મિશ્રિત લીધે સર્વેને ઘોટાળામાં અને સંશયમાં નાંખનાર પુરાણો ત્યાજ્યજ છે. પુરાણો ...વૃત્તિ થયા પછી વેદના અર્થસહિત અધ્યયન તરફથી લોકોનું મન પાછું હઠયું; તેથી વેદોનો નિર્ણય અને નિષ્પક્ષપાતી ઉપદેશ લોકોના શ્રવણમાર્ગમાં પણ ...વો દુઃસાધ્ય થઇ પડયો. આથી અજ્ઞાન, મિથ્યાજ્ઞાન અને ભ્રમનો પ્રચાર થવા ...ાગ્યો. વેદ બાજુએ રહેવાથી અને પુરાણોની કથાઓનો કાંઇપણ મેળ ન હોવાથી જેની મરજીમાં જેવું આવ્યું તેવું સ્પષ્ટીકરણ કરવા લાગ્યા; અને તેનું પરિણામ અજ્ઞાનમાં આવવા લાગ્યું. જેમકેઃ—

मद्यं मांसं च मीनं च मुद्रा मैथुनमेव च ।
एते पंचमकाराश्च मोक्षदा हि युगे युगे ॥
पीत्वा पीत्वा पुनः पीत्वा यावत्पतति भूतले ।
पुनरुत्थाय वै पीत्वा पुनर्जन्म न विद्यते ॥२॥
प्रवृत्ते भैरवीचक्रे सर्वे वर्णा द्विजातयः ।
निवृत्ते भैरवीचक्रे सर्वे वर्णाः पृथक् पृथक् ॥३॥
मातृयोनीं परित्यज्य विहरेत्सर्वयोनिषु ।
लिंगं योन्यां तु संस्थाप्य जपेन्मन्त्रमतन्द्रितः ॥४॥
❀ ❀ ❀ मातरमपि न त्यजेत् ॥५॥

આ શ્લોકો તંત્ર ગ્રંથોના છે. એના અર્થ નીચે પ્રમાણે છે.

મદ્ય, માંસ, માછલી, મુદ્રા તથા મૈથુન (સ્ત્રી-સંભોગ) એ પાંચ પ્રકારનું સેવન પ્રત્યેક યુગમાં મોક્ષ આપનારૂં છે. ૧.

દારૂ એટલે સુધી પીવો કે જ્યાંસુધી ચકરી આવીને ભોંય ઉપર ન પડી જવાય તથા વળી પડયા પછી પણ ઉઠીને ફરીથી પીનારનો તો પુનર્જન્મ નથી થતો. ૨.

કોઈ પણ વર્ણનો મનુષ્ય ભૈરવીચક્રની પૂજા વખતે હાજર હોય તો તે દ્વિજ વર્ણનો છે; અને પૂજા થઇ રહ્યા પછી સર્વે વર્ણો જુદી જુદી છે. ૩.

માતા વિના ગમે તેની સાથે વ્યભિચાર કરવો. ગુહ્યેન્દ્રિયને......માં સ્થાપીને મંત્રનો જપ કરવો. ૪.

વ્યભિચાર કરવામાં માતાને પણ ન છોડવી. ૫.

ઈત્યાદિ અનેક પ્રકારના અલ્પબુદ્ધિ, અનાડી લોકોએ બુદ્ધિ અને મર્યાદાથી રહિત, યુકિત પ્રમાણ શુન્ય, વેદાદિ સચ્છાસ્ત્રોથી વિરૂધ્ધ અશ્લીલ શ્લોકો બનાવ્યા છે કે જે લખતાં પણ સજ્જનોની લેખની ચાલતી નથી. માટે એવા ગ્રંથોને માનવા ન જોઈએ. શું કોઈપણ સત્પુરૂષ કહી શકશે કે મદ્યાદિના સેવનથી બુદ્ધિનો નાશ નથી થતો ? અવશ્ય થાય છેજ. તો પછી મોક્ષ કે જેનો આધાર જ્ઞાન ઉપર છે તે તો મળે ક્યાંથી ! એના સેવનથી તો નરકનીજ પ્રાપ્તિ. પ્રત્યક્ષ પ્રમાણ આપણે આજકાલ જોઈએ છીએ કે કેટલાએ દારૂડીઆઓ ગટરોમાં–કે જ્યાં પોતે શુદ્ધિમાં હોય તો તે સમયે પગ મુકવાને પણ સંકોચાય ત્યાં આળોટે છે. એજ પ્રમાણે બ્રહ્મવૈવર્ત્તાદિ પુરાણસંજ્ઞક કિંતુ નવીન ગ્રંથોમાં ઘણી મિથ્યા કથાઓ છે. તેમાંની સ્થાલીપુલાક ન્યાયથી થોડી-એક લખીએ છિયે. એમાં એક નવી કથા આવે છે કે ચાર મુખવાળા બ્રહ્માએ પોતાની પુત્રી સરસ્વતી સાથે વ્યભિચાર કર્યો. આ વાત તદ્દન ખોટી છે. મૂળ કથા વેદમાં અલંકારરૂપે નીચે પ્રમાણે આવેલી છે:--

प्रजापतिर्वै स्वां दुहितरमभ्यध्यायाद्दिवमित्यन्य आहुरुष
समित्यन्ये तामृश्यो भूत्वा रोहितं भूतामभ्यैत्। तस्य
यद्रेतसः प्रथममुददीप्यत तदसावादित्यो भवत्॥

ऐ० ब्रा० पं० ३ कं० ३३-३४॥

प्रजापतिर्वै सुपर्णो गरुत्मानेष सविता॥

श० कां० १० अ० २ ब्रा० ७ कं० ४

तत्र पिता दुहितुर्गर्भं दधाति पर्जन्यः पृथिव्याः ॥

निरु० अ० ४ खं० २१

द्यौर्मे पिता जनिता नाभिरत्र बन्धुर्मे माता पृथिवी महीयम्। उत्तानयोश्चम्वोर्योनिरन्तरत्रा पिता दुहितुर्गर्भमाधात् ॥

ऋ० मं १ सू० १६४ मं० ३३

शासद्वह्निर्दुहितुर्नप्त्यंङ्गाद्विद्वां ऋतस्य दीधितिं सपर्यन्। पिता यत्र दुहितुः सेकमृञ्जन्सं शग्म्येन मनसा दधन्वे ॥ ऋ० मं०३ सू० ३१ मं० १

અર્થ:—(प्रजापतिः सविता) આ નામ સૂર્યનાં છે તેની (दुहिता) પુત્રી (द्यौः વા (उषा)પ્રભાતકાલ છે (दुहिता) શબ્દનો નિરૂકતમાં એવો અર્થ આપેલો છે કે ' दुरेहिता દૂર મૂકેલી ") દ્યો અથવા ઉષા પણ સૂર્યથી ઘણી દૂર હોય છે માટે તેને સૂર્યની દુહિતા–પુત્રી કહે છે; અથવા સૂર્યના પ્રકાશથીજ ઉષાની ઉત્પતિ હોવાથી સૂર્ય ઉષાનો પિતા અને ઉષા સૂર્યની પુત્રી એ પ્રમાણે રૂપક થયું. (ताम् रोहितम्) એ ઉષા જ્યારે કિંચિત રકતવર્ણયુકત થઇ ત્યારે કિરણના યોગવડે સૂર્ય તેની પાસે જલદીથી (अभ्यध्यायत्) ગયો. આ પ્રમાણે તેણે પ્રકાશ રૂપી પુત્ર ઉત્પન્ન કર્યો. અર્થાત્ ઉષા પ્રકાશની માતા અને સૂર્ય પિતા થાય. આદિત્ય પ્રકાશને કહે છે. તે ઉષામાં કિરણરૂપી વીર્ય સ્થાપનવડે પ્રકાશ અથવા દિવસરૂપી પુત્ર ઉત્પન્ન થયો એ પ્રમાણે આ અલંકારનું તાત્પર્ય છે. પ્રાતઃકાલે પાંચ ઘડી રાત્રિ હોય છે ત્યારે આકાશ નો જે ભાગ સૂર્યના પ્રકાશને લીધે લાલ થયેલો હોય છે તેને ઉષા કહે છે. તે સૂર્યથી ઉત્પન્ન થવાને લીધે તેને સૂર્યની પુત્રી માની; અને તેની સાથે સૂર્યનો સંયોગ થવાથી આદિત્ય–દિવસ અથવા પ્રકાશ નામક પુત્ર થયો. જે પ્રમાણે માતા-પિતાથી સંતાનોત્પત્તિ થાય છે તેજ પ્રમાણે આ ઠેકાણે અલંકારની રચના કરી છે; એટલુંજ છે. એજ પ્રમાણે વર્ષા અને પૃથ્વીનો પિતા પુત્રીનો સંબંધ છે. કારણ (अद्भ्यः पृथिवी) પાણીમાંથી પૃથ્વી ઉત્પન્ન થઇ એમ કહેલું છે. માટેજ પૃથ્વી વર્ષા અથવા પાણીની પુત્રી. તે પર્જન્ય વૃષ્ટિદ્વારા પૃથ્વીમાં વિર્ય સ્થાપન કરે છે પછી પૃથ્વી

ઔષધિને જન્મ આપે છે. આ પ્રમાણે વેદોમાં વસ્તુસ્થિતિના દર્શક રૂપકાલંકાર છે. એ વિષે ઉપર આપેલા વેદમંત્રો સ્પષ્ટ ખુલાસો કરે છે:—

(द्यौः) પ્રકાશ (मे पिता) મારો પાલક છે, (जनिता) સર્વ વ્યવહારોને ઉત્પન્ન કરનાર તેજ છે. આ પૃથ્વી (माता) માનકર્ત્રી છે. (द्वयोः) આ બે (चम्वोः) પૃથ્વી પર્જન્યનાં સર્વ સૈન્યો (उत्तानयोः) ઉપર પ્રસરેલાં છે, તેમાં પર્જન્યરૂપી પિતા (दुहितुः)પૃથ્વીમાં (गर्भम्) જલનું (आधात्) સેચન કરે છે. આખી પૃથ્વીમાં પાણીની વૃષ્ટિ કરીને ધાન્ય વધારવામાં મદદ કરે છે. (અર્થ અલંકાર પ્રમાણે જાણવો.) ૧

(वह्निः) અગ્નિમય સૂર્ય પિતા પૂર્વોક્ત ઉષારૂપી દુહિતામાં (सेकम्) કિરણ રૂપી ગર્ભનું સ્થાપન કરીને દિવસ રૂપી પુત્રની ઉત્પત્તિ કરે છે. ૨ આ પ્રમાણે રૂપકાલંકાર મૂલ વેદમાં હોવા છતાં અને બ્રાહ્મણ તથા નિરૂક્ત ગ્રંથોમાં તેની વ્યાખ્યા કરેલી હોવા છતાં બ્રહ્મવૈવર્ત્તાદિ ગ્રંથલેખકે ભ્રાંતિથી તેની કેવી કથા બનાવી અને દેવો પણ જારકર્મ કરે છે એવું અસત્ય વર્ણન કર્યું છે. તેનો સ્પષ્ટ ખુલાસો આથી વાચકના મનને થશે. માટે આવી વાતો કોઈએ ખરી માનવી નહિ.

ઉપર પ્રમાણે બીજી સતી અહલ્યાની કથા છે. દેવોના રાજા ઇંદ્ર ગૌતમ ૠષિની પત્નિ સતી અહલ્યાની સાથે જારકર્મ કર્યું અને તેથી તેના શરીરમાં સહસ્ર ભગ (છિદ્ર) પડ્યાં. અને તેજ પ્રમાણે ગૌતમે અહલ્યાને પણ શાપ દીધો તેથી તે ... થઈ અને પછી કેટલેક કાલે રામના પગવડે રજ ઉડી તેના સ્પર્શથી તે પુનઃ મ... ષ્યત્વને પ્રાપ્ત થઇ વગેરે પ્રકારની કથાઓ પુરાણોમાં આવેલી છે; આ કલ્પિત કથા જે મૂલરૂપે વેદમાં છે તે નીચે પ્રમાણે છે:—

इन्द्रागच्छेति। गौरावस्कन्दिन्नहल्यायै जारेति। तद्या-
न्ये वास्य चरणानि तैरेवैनमेतत्प्रमुमोदयिषति ॥
शत० ३ कां० ३ प्र० ३ अ० ३ ब्रा० १ कं० १८ रेतः
सोमः ॥ श० कां० ३ अ० ३ ब्रा० ५ कं० १

रात्रिरादित्यस्यादित्योदयेन्तर्धीयते ॥
निरु० अ० १२ खं० ११

सूर्यरश्मिश्चन्द्रमा गन्धर्व इत्यपि निगमो भवति

सोपि गौरुच्यते ॥ निरु० अ० २ खं० ६

जार आ भगः जार इव भगमादित्योत्र जार उच्यते रात्रेर्जरयिता ॥ निरु० अ० ३ खं० १६

एष एवेन्द्रो य एष तपति॥ श० कां० १ अ० ६ ब्रा० ३ कं० १८

અર્થ:—(यः एषः) જે આ (तपति) પ્રકાશ આપે છે; ભૂમિ ઉપરના સર્વ પદાર્થોને પ્રકાશિત કરે છે તેજ (इन्दति परमैश्वर्यवान् भवतीति इन्द्रः) સૂર્ય પરમૈશ્વર્ય-વાન્ હોવાથી તેને ઇંદ્ર કહે છે,) અને એજ સર્વે પ્રકાશનારા પદાર્થોનો રાજા છે. अहल्या—अहः लीयते अस्यां, अहनि लीयमाना वा सा) જે દિવસમાં લીન થઇ જાય છે, અથવા જેમાં દિવસ મળી જાય છે તેને અહલ્યા અર્થાત્ રાત્રિ કહે છે. આ રાત્રિનો સૂર્ય તે જાર છે. જાર શબ્દનો અર્થ जारः जरयिता અર્થાત વયો હાનિ કરનાર એ પ્રમાણે છે. સૂર્ય રાત્રિની વય અર્થાત્ આયુષનો નાશ કરે છે માટે રાત્રિનો
'દુરાહતા નો જાર તે સૂર્ય. (जहल्या) રાત્રિ (गौतमः) ચંદ્રની સ્ત્રી છે ગૌતમ શબ્દ
સૂર્યની .નો વાચક છે. (गच्छति इति गौः अतिशयेन गौःगौतमः चन्द्रः) અતિશય જલદી
સૂર્ય ચાલનારને ગૌતમ કહે છે. ચંદ્રની પણ ગતિ તેવી હોવાથી એને ગૌતમ કહેલો છે.
એ ઉપરના નિરૂકતના ઉતારામાં ગોશબ્દ ચંદ્રનો વાચક છે એમ સ્પષ્ટ બતાવ્યુ છે. આ
ય અહલ્યા ચંદ્રની સ્ત્રી સર્વ લોકોને સુખ આપે છે. અને તેના આયુષનો નાશ સૂર્યના આગમનથી થાય છે. આ ભાવાર્થ ઉપરના ઉતારા ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે એમ છતાં પૌરાણિકોએ ઇંદ્રને વ્યભિચાર અને સાધ્વી અહલ્યાને દુરાચારનું કલંક લગાડ્યું છે. આવા પ્રકારની વેદવિરૂદ્ધ કથાઓ પુરાણોમાં ઘણી છે.

પુરાણોમાં વૃત્રાસુરની પણ એક એવીજ કથા આવે છે તે આરીતની છે:— એક દેહધારી ઇંદ્ર દેવોનો રાજા હતો. તેને ત્વષ્ટાના પુત્ર વૃત્રાસુર જોડે યુદ્ધ થયું. વૃત્રાસુર ઇંદ્રને ગળી ગયો તેથી દેવોને મહાભય લાગ્યો અને તેઓ વિષ્ણુને શરણે ગયા. વિષ્ણુએ તેમને ઉપાય કહ્યો કે " હું સમુદ્રના ફેનમાં પ્રવેશ કરૂં છું. તે ફેનનો પ્રયોગ કરવાથી વૃત્રાસુર નાશ પામશે." આવી રીતની અસંબદ્ધ કથા પુરાણનામધારી પણ વાસ્તવમાં નવીન ગ્રંથોમાં પુષ્કળ છે. તે સર્વ મિથ્યા છે. જે વૈદિક આધાર ઉપરથી તે રચેલી છે તે તે મંત્રોમાં આ મિથ્યા કથા કરતાં જુદોજ અર્થ અને ભિન્ન અલંકાર માલૂમ પડે છે; એ મંત્રો નીચે પ્રમાણે છે:—

इन्द्रस्य नु वीर्याणि प्रवोचं यानि चकार प्रथमानि वज्री। अहन्नहिमन्वपस्ततर्द प्र वक्षणा अभिनत्पर्वतानाम्॥ १॥ अहन्नहिं पर्वते शिश्रियाणं त्वष्टास्मै वज्रं स्वर्यं ततक्ष। वाश्रा इव धेनवः स्यन्दमाना अञ्जः समुद्रमव जग्मुरापः॥ २॥

ऋ० मं० १ सू० ३२ मं० १।२

અર્થઃ– (इन्द्रस्य) સૂર્ય અથવા પરમેશ્વરનું (वीर्याणि) પરાક્રમ હું (प्रवोचम्) કહું છું. જે (प्रथमानि) પૂર્વથી (वज्री) પ્રકાશમય અથવા પ્રાણુના આધારરૂપ સૂર્ય (चकार) બનાવે છે. (वीर्यं वै वज्रः श० का० ७ अ० ४) વીર્ય એજ વજ્ર છે. તેણે (अहिम्) મેઘને (अहन्) માર્યો–મેઘનું શરીર છિન્નભિન્ન કર્યું તેથી (अनु) પૃથ્વીપર (अनु-अपः) પાણીની (ततर्द) વર્ષા થઇ. અર્થાત્ વરસાદ પડ્યો. મેઘમાંથી વર્ષા વર્ષાવવી તે સૂર્યનું કામ છે. તે વર્ષાના પાણીના (प्रवक्षणा) નદીના પ્રવાહવડે (ततर्द) તટાદિકોનો નાશ થયો. "ततर्द" શબ્દનો મૂળ અર્થ "નાશ કર્યો" એ પ્રમાણે છે. આ નદીઓ (पर्वतानाम्) મેઘથી (अभिनत्) ઉત્પન્ન થઇ હતી–શરીરના નાશથી અર્થાત્ વર્ષાથી વહેવા લાગે છે. મેઘ અને વર્ષા તે વૃત્રાસુરનું શ (त्वष्टा) સૂર્ય એ (अहिन्) મેઘનો (अहन्) નાશ કર્યો. (अस्मै) આ વૃત્રાસુરના–મેઘના–નાશને માટે (पर्वते शिश्रियाणाम्) મેઘમાંજ રહેનાર (स्वर्यम्) પ્રકાશમય (वज्रम्) સ્વકિરણજન્ય વિદ્યુત્રૂપી શસ્ત્ર ફેંકી તે મેઘસ્વરૂપી વૃત્રાસુરનો તે (ततक्ष) નાશ કરે છે. અર્થાત્ મેઘને છિન્નભિન્ન કરીને જમીન ઉપર પાડે છે. જમીન ઉપરનાં જલબિંદુઓને પોતાનાં કિરણોદ્વારા તેજ સૂર્ય આકાશમાં લઇ જાય છે. માટેજ (त्वष्टा) સૂર્ય એ વૃત્રાસુર–મેઘનો–પિતા કહેવાય છે. (आपः) તે વરસાદનું પાણી (समुद्रम्) સમુદ્રપર્યંત (अवजग्मुः) વહેતું વહેતું જાય છે. એ પાણી (अजः) વ્યક્ત અને (स्यन्दमानाः) ચંચલ હોય છે. (वाश्राः) વાછરડાંને મળવાની ઇચ્છાવાળી જનારી (धेनवः) ગાયોના વેગની પેઠે તે નદીઓ સમુદ્રને જઇને મળે છે. પાણીજ વૃત્રાસુરનું શરીર–વૃત્રાસુરનું હનન અર્થાત્ જલવૃષ્ટિએજ સૂર્યનું મહાન્ અને સ્તુત્ય કૃત્ય છે.

अहन्वृत्रं वृत्रतरं व्यंसमिन्द्रो वज्रेण महता वधेन। स्कन्धांसीव कुलिशेना विवृक्णाहिः शयत उपपृक् पृथि-

व्याः ॥३॥ अपादहस्तो अंपृतन्यदिन्द्रमास्य वज्रमधि-
सानौ जघान वृष्णो वध्रिः प्रतिमानं बुभूषन्पुरुत्रावृत्रो
अंशयद्व्यस्तः ॥४॥ ऋ० मण्ड० १ सू० ३२ मं० ५-७
अहिरिति मेघनामसु पठितम् ॥ निघं० अ० १ खं० १०

નિઘંટુમાં અહિ શબ્દ મેઘનો વાચક બતાવ્યો છે. તેમજઃ—

इन्द्रशत्रुरिन्द्रोस्य शमयिता वा शातयिता तस्मादि-न्द्रशत्रुस्तत्को वृत्रो मेघ इति नैरुक्तास्त्वाष्ट्रोऽसुर इत्यैतिहासिकाः। अत्रं जघ्निवानपववारत द्वृत्रो वृणोतेर्वा वर्त्ततेर्वा वर्धतेर्वा यदवृणोत्तद्वृत्रस्य वृत्रत्वमिति विज्ञायते यद्वर्त्तत तद्वृत्रस्य वृत्रत्वमिति विज्ञायते यदवर्धत तद्वृत्रस्य वृत्रत्वमिति विज्ञायते ॥

निरु० अ० २ खं० १७ ॥

(इन्द्र) મેઘનો નાશ સૂર્યવડે થાય છે- માટે મેઘને ઇંદ્રશત્રુ કહે છે. જો કે ઐતિહાસિકલોક ત્વષ્ટૃપુત્ર રાક્ષસનેજ વૃત્રાસુર કહેતા હોય તો પણ નિરૂક્તકારોની નિશ્ચયાત્મક સંમતિ તો એજ છે કે મેઘ તેજ વૃત્ર છે. અર્થાત્ વૃત્રને ઇંદ્રએ માર્યો એથી સૂર્યએ મેઘનો નાશ કર્યો એટલોજ અર્થ સમજવાનો છે. વૃત્ર શબ્દના અર્થ વ્યાપનાર હોનાર તથા વધનાર એ પ્રમાણે છે આ પ્રમાણે નિરૂક્તમાં વૃત્ર વિષે સ્પષ્ટિકરણ આપેલું છે.

અર્થઃ—(इन्द्र) સૂર્યએ (महता वधेन) અત્યંત તીક્ષ્ણ (वज्रेण) વિદ્યુત્-કિરણરૂપી અસ્ત્રવડે (वृत्रतरम्) અત્યંત બલવાન, ચોતરફ વ્યાપક (वृत्रम्) મેઘને (व्यंसम) છિન્ન ભિન્ન કરીને (अहन्) નાશ કર્યો. તેથી તે (अहिः) મેઘ (पृथिव्याः) ભૂમિ ઉપર (कुलिशेन) શસ્ત્રથી છિન્ન ભિન્ન થયેલો (आशयते) સૂતો અર્થાત્ મેઘનાં વિદ્યુત્ શક્તિવડે જલરૂપી કણો બનીને પૃથ્વીઉપર પ્રસર્યાં. ચોથા મંત્રમાં પણ એજ ભાવાર્થ છે, (अपाद—हस्त व्यस्तः) સૂર્યએ છિન્ન ભિન્ન કરેલો (वृत्रः) મેઘ

 २७५९२

પૃથ્વી ઉપર (अशयत्) સૂતો ઇત્યાદિ. નિઘંટુમાં વૃત્ર શબ્દનો મેઘ એવો અર્થ આપેલો છે. તેનો નાશક સૂર્ય છે માટે મેઘને (इन्द्रशत्रु) પણ કહે છે. સૂર્ય ત્વષ્ટા અને ઇંદ્રિ એ સૂર્યનાંજ પર્યાયવાચી નામો છે. સૂર્યનાં કિરણોના યોગથીજ બાષ્પમય મેઘ બને છે. માટે મેઘને ત્વષ્ટૃપુત્ર કહે છે. કારણ કે સૂર્યનેજ ત્વષ્ટા કહે છે. સૂર્યનાં કિરણોવડેજ મેઘ બને છે અને તેનાથીજ ઉત્પન્ન થનારી વિદ્યુત્ શકિતવડે વર્ષા થાય છે, તેથી નદીઓ વહે છે અને સમુદ્રને જઇ મળે છે. વૃત્ર શબ્દનો અર્થ સ્વીકારવા યોગ્ય, પ્રકાશનું આવરણ એ પ્રમાણે પણ થાય છે.

अतिष्ठन्तीनामनिवेशनानां काष्ठानां मध्ये निहितं शरीरम्। वृत्रस्य निण्यं विचरन्त्यापो दीर्घतम आशयदिन्द्रशत्रुः ॥५॥ नास्मै विद्युन्न तन्यतुः सिषेध न यां मिहमीकरद्धादुनिं च। इन्द्रश्च यद्युयुधाते अहिश्चोतापरीभ्यो मघवा विजिग्ये ॥६॥

ऋ० मं० १ सू० ३२ मं० १०।१३

(આ પ્રકારના વૃત્ર વિષય મંત્રો વેદમાં પુષ્કળ છે.)

वृत्रो ह वा इद ँ सर्वं वृत्वा शिश्ये। यदिदमन्तरेण द्यावापृथिवी स यदिद ँ सर्वंवृत्वा शिश्ये तस्माद् वृत्रो नाम॥ तमिन्द्रो जघान। स हतः पूतिः सर्वत एवाऽपोभिसुस्राव सर्वत इव ह्ययँ समुद्रस्तस्मादु हैका आपो बीभत्सां चक्रिरे ता उपर्युपर्यतिपुप्लुविरेऽत इमे दर्भास्ता हैता अनापूयिता आपोस्ति वा इतरासु स ँ सृष्टमिव यदेनावृत्रः पूतिरभिप्रास्रवत्तदेवासामेताभ्यां पवित्राभ्यामपहन्त्यथ मेध्याभिरेवाद्भिः प्रोक्षति तस्माद्वा एताभ्यामुत्पुनाति॥ श० कां० १ अ० १ ब्रा० ३ कं० ४।५॥

तिस्र एव देवता इति नैरुक्ताः। अग्निः पृथिवीस्थानो वायुर्वेन्द्रोवान्तरिक्षस्थानः सूर्यो द्युस्थान इति॥

निरु० अ० ७ खं० ५

અર્થ:—આકાશ અને પૃથ્વીના મધ્યભાગમાં મેઘરૂપે રહેનાર પાણી તે વૃત્રાસુ નું શરીર છે. કારણ એ ત્યાંની પોલાણમાં વ્યાપી રહે છે. તેને (इन्द्रः) સૂર્ય મા છે. (आपः अभिप्रसुस्राव) તેના શરીરમાંથી પાણીની વૃષ્ટિ થાય છે. આ પાણી ઘણુ પવિત્ર સ્વચ્છ હોય છે. ઇત્યાદિ, તેમજ (तिस्र एव देवता०) નિરૂકતના મતે દેવત ત્રણ છે. પૃથ્વી ઉપર અગ્નિજ દેવતા, અંતરિક્ષમાં વીજલી કિંવા વાયુ અને દ્યુલોકમ સૂર્ય એ ત્રણ દેવતા છે. એ પ્રમાણે વેદાંત ગ્રંથોમાં પ્રકૃત વિષયો સંબંધી વિવેચ છે (अतिष्ठन्तीनाम् काष्ठानाम्) સર્વ દિશામાં (वृत्रस्य) મેઘનું (दीर्घं तमः) અંધ કારમય (शरीरम्) શરીર (निहितम्) ભરેલું છે. પાણીથી ભરેલાં કાળાં વાદળ આકાશમાં ચારે બાજુએ આવ્યાં છે. (आपः) જલયુકત તે મેઘ (विचरन्ति) આ તેમ વાયુના યોગથી ફરે છે. (इन्द्रशत्रुः) સૂર્યની સાથે શત્રુતા રાખનાર મેઘ સૂર્યન ...રણોવડે છિન્નભિન્ન થઇને પૃથ્વી ઉપર (आशयत) વર્ષારૂપે પડે છે. પણ વૃત્રએ રકેલી (विद्युत) વીજળી અને (तन्यन्तुः) કરેલી ગર્જના એ એના યોગથી (अस्मै આ સૂર્યનો (न सिषेध) પરાભવ થઇ શકતો નથી. (अहिः) મેઘ અને (इन्द्र સૂર્ય એ બન્ને (युयुधाते) પરસ્પર યુદ્ધ કરે છે. જે વખતે મેઘ જીતે છે અને આકાશમાં વ્યાપે છે તે વખતે સૂર્યનું તેજ ઝાંખું પડે છે. પણ જ્યારે સૂર્યનું તેજ વધે છે ત્યારે મેઘને પાછા હઠવું પડે છે. સર્વદા (मघवा) સૂર્યનોજ (विजिग्ये વિજય થાય છે; અને મેઘને હારીને નીચે પડવું પડે છે. ઉપરના શતપથ બ્રાહ્મણન ઉતારાનો શબ્દશઃ અર્થ:—

(वृत्रः) મેઘ સર્વના ઉપર (वृत्वा) આવરણ કરીને (शिश्ये) શયન કરે છે માટે એને વૃત્ર કહે છે. મેઘનો (इन्द्रः) સૂર્ય નાશ કરે છે. (सः हतः) તેનો નાશ થયા પછી પૃથ્વી ઉપર તે પર્જન્યરૂપે પડે છે. અને કાષ્ઠતૃણાદિકની સાથે સંયોગ પામીને (पूतिः) દુર્ગંધ પેદા કરે છે. મેઘજ જ્યારે આકાશમાં હોય છે ત્યાં તે (आपः) પાણીની (अभिसुस्राव) વર્ષા કરી શકે છે. આ પાણી (समुद्रः) સમુ માં જાય છે. અને ત્યાંજ તેને ઘણું ભયંકર સ્વરૂપ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે પૃથ્વી, નદી અને સમુદ્રમાંનું પાણી સૂર્યનાં કિરણોદ્વારા (उपरि उपरि) ઉપ આકાશમાં જાય છે અને ત્યાં તેનાં વાદળાં બનીને વર્ષા થાય છે. (ते इमे) તેનાથ આ (दर्भाः) સર્વ દર્ભાદિક ઔષધિ અને વનસ્પતિ થાય છે ઇત્યાદિ. આ પ્રમાણે

આ કથાવિષે વેદમાં વિચાર છે પણ એની ઉપર ઉટપટાંગ કલ્પના કરીને બ્રહ્મ વૈવર્ત્તાદિ પુરાણોમાં વૃત્રાસુર વગેરેની ખોટીજ કથાઓ લખી છે. એમાં સત્યનો અંશ પણ નથી, અને તેઓ ઇતિહાસ તરીકે પણ ગણાય તેમ નથી માટે એવા ગ્રંથો આદરાર્હ નથી.

દેવ અને રાક્ષસો વિષે.

ઉપરની કથાઓની પેઠેજ નવીન ગ્રંથોમાં જે અનેકવિધ દેવાસુરસંગ્રામ કથાઓ લખેલી છે માટે તે બુદ્ધિમાનોને માનવા યોગ્ય નથી.

देवासुराः संयत्ता आसन्

श० कां० १३ अ० ३ ब्रा० ९ कं १

સત્યવાદી, સદાચારી અને સત્યના પક્ષપાતીને દેવ અને તેનાથી વિરૂદ્ધને રાક્ષસ કહે છે. આ બે ભેદ મનુષ્યોમાંજ છે. એ બે પ્રકારના સ્વભાવવાળા લોકોમાં હમેશાં કલહ ચાલતો હતો—હાલમાં પણ ચાલે છે અને ભવિષ્યમાં પણ ચાલશે.*

असुरानभिभवेम देवा असुरा असुरता स्थानष्वस्ता स्थानेभ्य इति वापि वासुरिति प्राणनामास्तः शरिरे भवति तेन तद्धन्तः। सोर्द्देवानसृजत तत्सुराणां सुरत्वम-सोरसुरानसृजत तदसुराणामसुरत्त्वामिति विज्ञायते ॥

निरु० अ० ३ खं० ८

---

* "साक्षराः" આ શબ્દ દેવનો વાચક છે. કારણકે अक्षरेण ब्रह्मणा सहिताः साक्षराः ॥ દેવ એ પરબ્રહ્મની સાથે ઉપાસના દ્વારા જોડાયલા હોય છે. साक्षराः નો ઉલટો राक्षसाः એ શબ્દ છે અર્થાત્ "પરબ્રહ્મ, વેદ અને સત્યની વિરૂદ્ધ હોનારા" એ પ્રમાણે એ શબ્દનો અર્થ છે. ખરા ખોટાનો વિચાર ન કરતાં પોતાનું હિત ચાહનાર અને પોતાના સુખને માટે બીજાઓને રસાતલમાં પહોંચાડનારને રાક્ષસ કહે છે મહારાજા ભર્તુહરિજી પણ કહે છે કેઃ—

तेऽमी मानव राक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये ।

એટલે કે પોતાના હિતને ખાતર પારકાના હિતનું હનન કરનારા મનુષ્યોને રાક્ષસ કહે છે. આપણા લોકોનું માનવું એવું છે કે હબશીઓના જેવા બેડોળ

देवानामसुरत्वमेकत्वं प्रज्ञावत्वं वा नवत्वं वापि वासु-
रिति प्रज्ञानामास्यत्स्यनर्थानस्ताश्चास्यामर्था असुरत्वमा-
दिलुप्तम् ॥ निरु० अ० १० खं० ३४

અર્થ:—સદસદ્વિવેકાત્મક મન અને પ્રાણનો વિરોધ છે. મનનશીલ મન તે દેવ અને ભૌતિક પ્રવૃત્તિમય હોવાથી પ્રાણને રાક્ષસ કહે છે. માટે મને પ્રાણને તાબામાં રાખવો જોઇએ. નહિતો તે ઉદ્ધત થઇને સર્વને ત્રાસ આપ્યા વિના રહેતો નથી. પરમેશ્વરે (सोः) પ્રકાશમય તત્વમાંથી (देवान्) મન અને પાંચ જ્ઞાનેંદ્રિયોને ઉત્પન્ન કરી અને (असोः) અજ્ઞાનમય પૃથ્વી આદિ તત્વોમાંથી (असुरान्) પાંચ કર્મેન્દ્રિયોને ઉત્પન્ન કરી માટે આ બેમાં એટલો નિત્ય વિરોધ છે. દેવોમાં પ્રકાશક તત્વ ઐક્ય, બુદ્ધિમતા તથા કલ્પકતા ઈત્યાદિ સદ્ગુણો હોય છે.

सोर्चञ्छ्राम्यंश्चचार प्रजाकामः। स स आत्मन्येव प्रजातिमधत्त स आस्येनैव देवानसृजत ते देवा दिवमभिपद्यासृज्यन्त तद्दे-वानां देवत्वं यद्दिवमभिपद्यासृज्यन्त तस्मै ससृजानाय दिवेवास तद्वेव देवानां देवत्वं यदस्मै ससृजानाय दिवेवास। अथ योयमवाङ्प्राणः। तेनासुरानसृजत त इमामेव पृथिवीम-भिपद्यासृज्यन्त तस्मै ससृजानाय तम इवास। सोऽवेत। पाप्मानं वा असृक्षि यस्मै मे ससृजानाय तम इवाभूदिति तांस्तत एव पाप्मना विध्यत्ते तत एव पराभवस्तस्मादा-

---

બાટવાળા હોય તેને રાક્ષસ કહે છે. આ સમજ ભૂલ ભરેલી છે. કારણ કે રાક્ષસોમાં પણ સ્વરૂપવાળા ઘણા હોય છે; અને તે પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોમાંથીજ થએલા હોય છે. જેમકે રાવણ બ્રાહ્મણનો પુત્ર હતો. વેદ પણ જાણતો હતો. પરંતુ સ્વાર્થસાધક અને લંપટ હોવાને લીધે એને રાક્ષસ કહ્યો છે.

हुर्नैतदस्ति यद्देवासुरं यदिदिमन्वाख्याने त्वदुद्यत इतिहासे त्व-
त्तो ह्येव तान् प्रजापति पाप्मना विध्यत्ते तत एव पराभव-
न्निति। तस्मादेतदृषिणाभ्यनूक्तम्। न त्वं युयुत्से कतमच्चन
नाहर्न तेऽमित्रो मघवन् कश्च नास्ति। मायेत्साते यानि
युद्धान्याहुर्नाद्य शत्रुं ननु पुरा युयुत्स इति। स यदस्मै
देवान्त्ससृजानाय दिवेवास तदहरकुरुताथ यदस्मा असुरा-
न्त्ससृजानाय तम इवास ता ँ रात्रिमकुरुत ते अहो रात्रे।
स एक्षत प्रजापतिः॥

श० कां० ११ अ० १ ब्रा० ६ कं० ७—८—९—१०—११—१२

ભાવાર્થ:—(प्रजाकामाः) સૃષ્ટિ ઉત્પન્ન કરવાની બુદ્ધિથી પરમેશ્વરે (आस्येन) અગ્નિ પરમાણુમય કારણ પ્રકૃતિમાંથી (देवान्) પ્રકાશ આપનાર સૂર્યાદિક ગોળા બનાવ્યા તે (दिवम्) પ્રકાશને (अभिपद्य) પ્રાપ્ત થઈને તેના યોગે (असृज्यन्त) સદ્વ્યવહાર કરે છે. પ્રકાશજ દેવોનું દેવત્વ છે. પ્રાણ અને પૃથ્વી આદિ લોક એમનામાંથી પ્રકાશરહિત સૃષ્ટિ ઉત્પન્ન થઇ તેમણે પૃથ્વી ઉપર આવીને ઔષધી, વનસ્પતિ વગેરે સૃષ્ટિને ઉત્પન્ન કરી. પ્રકાશ આપનાર અને તેનો નિરોધ કરનારની વચ્ચે નિત્યનોજ વિરોધ છે. તેમજ પુણ્યાત્મા, ધર્માત્મા મનુષ્યને દેવ અને પાપી લોકોને રાક્ષસ કહેવાય છે. એમનો પણ કલહ પૂર્વાપર છે. એજ પ્રમાણે દિવસ તે દેવ અને રાત્રિ તે રાક્ષસી એ બેનો વિરોધ ચાલુજ છે.

देवाश्च वा असुराश्च। उभये प्राजापत्याः प्रजापतेः
पितुर्दायमुपेयुः॥ श० कां० १ अ० ७ ब्रा० ५ कं० २२

द्वया ह प्राजापत्याः देवाश्चासुराश्च ततः कानीयसा
एव देवा ज्यायसा असुराः। यदेवेदमप्रतिरूपं वदति स

एव स पाप्मा ॥ श० कां० १४ अ० ३ ब्रा० ४ कं० १४

ॐगिति देवा मायेत्यसुराः ॥

श० कां १० अ० ५ ब्रा० ६ कं० २०

प्राणा देवाः ॥ श० कां० ६ अ० २ ब्रा० ३ कं० १५

प्राणो वा अस्तुस्तस्यैषा माया ॥ श० कां० ६ ब्रा० ४ कं० ६

विद्वा ँसो हि देवाः। श० कां० ३ अ० ७ ब्रा० ६ कं १०

ભાવાર્થ:—દેવ અને અસુર એમની એકતા કદી પણ થવાની નહિ. કારણ કે તેમનો એક બીજાનો સ્વભાવજ વિરૂદ્ધ છે. (हि) ખરેખર (विद्वांसः) વિદ્વાન લોકજ (देवाः) દેવ છે વિદ્વાન જ્ઞાનવડે પ્રકાશે છે માટે તે દેવ છે અને અવિદ્વાન આજ્ઞાનાંધકારથી યુક્ત હોવાથી રાક્ષસ છે. એ એમનામાં પરસ્પર વિરોધ હોવાનોજ. એ બંને (प्राजापत्याः) પરમેશ્વરના પુત્રવત્ છે. તેમાં (ज्यायसाः असुराः) સુ ગુહિક અસુર જેષ્ઠ—વડીલ છે. કારણ કે વાયુ—અગ્નિ આદિ સૃષ્ટિના પહેલાં ઉત્પન્ન થયા છે. તેમજ મનુષ્ય જન્મથીજ અવિદ્વાન્ હોય છે અને પછીથી વિદ્વાન થાય છે માટે પણ વિદ્વત્તા કરતાં અવિદ્વત્તા મોટી છે. માટે રાક્ષસ એ વડીલ અને દેવ પાછળથી થયેલા હોવાથી નાના સમજવા. એજ પ્રમાણે બીજા પક્ષમાં સૂર્યાદિક દેવ વડીલ અને પૃથિવી આદિ અસુર નાના સમજવા. તાત્પર્ય કે જેમાં જ્ઞાન, પ્રકાશ ઇત્યાદિ ગુણ માલુમ પડે છે તે દેવ અને જેમાં અજ્ઞાન, રતા, અંધકાર ઇત્યાદિ દુર્ગુણ જોવામાં આવે તે રાક્ષસો કહેવાય છે. આ પ્રમાણે જોતાં રાક્ષસો પૂર્વે હતા અને હવે નથી એમ નથી આજકાલ પણ પૂર્વ પ્રમાણેજ છે. (असु તથા प्राण એ શબ્દોના देव અને राक्षस એવા બંને અર્થ છે.)

द्वयं वा इदं न तृतीयमस्ति सत्यं चैवानृतं च सत्यमेव देवा अनृतं मनुष्याः। इदमहमनृतात्सत्यमुपैमीति तन्मनुष्येभ्यो देवानुपैति स वै सत्यमेव वदेत्। एतद्ध वै देवा व्रतं चरन्ति यत्सत्यं तस्मात्ते यशो यशो ह

भवति। य एवं विद्वान् सत्यं वदति। मनो ह वा देवा मनुष्यस्य॥ श० कां० १ अ० १ ब्रा० १ कं० ४। ५। ७।

ભાવાર્થ:—જેને સત્ય પ્રિય છે તે દેવ અને અસત્યપ્રિય છે તે મનુષ્ય કિંવા રાક્ષસ છે. જે માત્ર શરીરનીજ કાળજી રાખનારા, સ્વાર્થસાધનમાં તત્પર, માયાવી, કપટી, દુષ્ટ અને ક્રૂર હોય તેમને રાક્ષસ કહે છે; અને જે પરોપકારશીલ, નિષ્કપટી પરદુ:ખભંજન, દયાળુ, ધાર્મિક અને શાંત હોય તેમને દેવ કહે છે. એમનો વિરોધ નિત્યનો હોવાથી બ્રાહ્મણ ગ્રંથોમાં "તેઓ દરરોજ લઢે છે" એ પ્રમાણે લખ્યું છે તે સર્વ લાક્ષણિક છે. એના શાબ્દિક અર્થ કરતાં ભાવાર્થ ખરો છે. આ ખરો અર્થ છોડીને તેના ઉપરથી ખોટીજ બનાવી કાઢેલી જે પૌરાણિક કથાઓ છે તે સર્વે ત્યાજ્ય છે. માટે તેમને ત્યાજ્ય માનીને સર્વેએ મૂળનો વૈદિક ભાવાર્થ લક્ષમાં રાખવો જોઇએ.

ઉપર પ્રમાણેજ કશ્યપ, ગયા શ્રાદ્ધ અને તિર્થાદિની કથાઓ પણ બ્રહ્મવૈવર્ત્તાદિ ગ્રંથોમાં વેદાદિ સત્યશાસ્ત્રોથી વિરૂદ્ધ છે. જેમ કે:—મરીચિનો પુત્ર કશ્યપ રૂષિ દક્ષપ્રજાપતિની તેર કન્યાઓ સાથે પરણ્યો. તેમાંથી દિતી નામની કન્યાને પેટે દૈત્યો, અદિતીને પેટે આદિત્ય, દનુને પેટે દાનવો, કદ્રૂને પેટે સર્પ, વિનતાને પેટે પક્ષીઓ અને બીજી કન્યાઓને પેટે વાંદરાં, રીંછ તથા વૃક્ષાદિકની ઉત્પત્તિ થઇ. આ પ્રમાણે અજ્ઞાનનો વધારો કરનારી યુકિતપ્રમાણ વિરૂદ્ધ અને અસંભવ કથાઓ પુરાણોમાં વર્ણવેલી છે તે સર્વ મિથ્યા છે:—

स यत्कूर्मो नाम। प्रजापतिः प्रजा असृजत यदसृजताकरोत्तद्यदकरोत्तस्मात्कूर्मः॥ कश्यपो वै कूर्मस्तस्मादाहुः सर्वाः प्रजाः काश्यप्य इति॥

श० कां ७ अ० ५ ब्रा० १ कं० ५

અર્થ:—(प्रजापतिः) પરમેશ્વરે આ સર્વ પ્રજા-સર્વ સૃષ્ટિ (असृजत) ઉત્પન્ન કરી માટેજ તે જગન્નિયંતાને (कूर्मः) કુર્મ કહે છે. (કુર્મ એટલે કરનારો.) (कश्यपः) તેજ પરમેશ્વરને "કશ્યપ" કહે છે અને આ સઘળી પ્રજાઓ અર્થાત્ સૃષ્ટિમાત્ર એનાથીજ ઉત્પન્ન થઇ છે માટે સર્વ પ્રજા કશ્યપથી ઉત્પન્ન થઇ છે એમ કહેવાનો વ્યવહાર પડી ગયો છે.

पश्यतीति पश्यकः । पश्यक एव कश्यपः ॥

આ પ્રમાણે આદ્યંતાક્ષરવિપર્યય * થઇને " પશ્યક " શબ્દ થયો છે માટે એનો અર્થ દ્રષ્ટા, સર્વસાક્ષી છે. અર્થાત્ કશ્યપ શબ્દ ઉપરથી સર્વજ્ઞ પરમેશ્વરની પૂર્ણ કલ્પના થાય છે. આજ પ્રમાણે ગયાદિ તીર્થો વિષે પણ છે તેનો ખુલાસો નીચે પ્રમાણે છે.

प्राणो वै बलं तत्प्राणे प्रतिष्ठितं तस्मादाहुर्बलꣳसत्यादोजीय इत्यवं वेषा गायत्र्यध्यात्मं प्रतिष्ठिता ॥ सा हैषा गयांस्तत्रे। प्राणा वै गयास्तत्प्राणांस्तत्रे तद्यद्गयांस्तत्रे तस्माद् गायत्रीनाम श० कां० १४ अ० ८ ब्रा० ५ कं० ६।७ तीर्थमेव प्रायणीयोऽतिरात्रस्तीर्थेन हि प्रस्नान्ति । तीर्थमेवोदयनीयोऽतिरात्रस्तीर्थेन ह्युत्स्नान्ति ॥ श० कां० १२ अ० २ ब्रा० ५ कं० १ । ५ ॥ गय इत्यपत्यनामसुपाठितम् ॥ निघं० अ० ३ खं० ४ ॥ अहिꣳसन्सर्वभूतान्यन्यत्र तीर्थेभ्य इति छान्दोग्योपनि० ॥ समानतीर्थे वासी ॥ अष्टाध्या० अ० ४ पा० ४ सू. १०८

त्रयः स्नातका भवन्ति। विद्यास्नातको व्रतस्नातको विद्याव्रतस्नातकश्चेति ॥ यो विद्यां समाप्य व्रतमसमाप्य समावर्त्तते सविद्यास्नातक इत्यादि ॥ पारस्करगृह्यसूत्रे.

---

* આદ્યંતાક્ષરવિપર્યય એટલે પ્રથમનો અક્ષર અંતમાં જાય અને અંતનો પ્રથમના સ્થાનમાં આવે. આવા આદ્યંતાક્ષરવિપર્યય સંસ્કૃત ભાષામાં ઘણા છે. જેમ કેઃ— हिंसेः सिंह । कृतेस्तर्कुः । ઈત્યાદિ હિંસ ધાતુ [illegible] સિંહ અને કૃતિ ઉપરથી તર્કુ. [illegible] આદ્યંતાક્ષરવિપર્યય અને સંસ્કૃતમાં [illegible] આને તે અષ્ટાધ્યાયીના हयवरट् એ પ્રત્યાહાર સૂત્ર ઉપરના व्यत्ययमापापजनाविकारस्तथ [illegible] । महाभाष्य अ० १ पा० १ आ० २ એ વચન વડે થાય છે.

नमस्तीर्थ्याय च। ये तीर्थानि प्रचरन्ति सृकाहस्ता निषङ्गिणः॥ यजुः ० अ० मंत्र ६१

અર્થ:—ગયાશ્રાદ્ધ એટલે શું તે ઉપરનાં પ્રમાણો ઉપરથી સ્પષ્ટ માલુમ પડશે. અને ગયા તીર્થ વિષે વૈદિક કલ્પના શું હતી તે પણ સમજાશે. પ્રાણુનેજ ગયા કહે છે. પ્રાણ તેજ બલ છે. અથવા સર્વ બલ પ્રાણુમાંજ રહેલું છે. ઓજ: સંજ્ઞક-જ્ઞાનબલ પણ પ્રાણીઓનેજ હોય છે, તેજ પ્રાણુમાં (अध्यात्मम्) પરમેશ્વર પણ રહેલો છે. અને ગાયત્રિમા બ્રહ્મવિદ્યાનું અધિષ્ઠાન પુર્ણપણે છે. ગાયત્રીજ ગયા નામક પ્રાણુનો ઉદ્ધાર કરનારી છે. પ્રાણુની સદ્ગતિ ગાયત્રીને અવલંબીને છે. માટે ગયા સંજ્ઞકપ્રાણુમાં શ્રદ્ધાપુર્વક સમાધિસાધના કરીને પરમેશ્વરની પ્રાપ્તિ કરવી. આજ સત્ય ગયાશ્રાદ્ધ છે. ગયા શબ્દનું સાદશ્ય જોઇને ગયાનામક ગામવિશેષમાં લોકો પિતૃશ્રાદ્ધ કરવા લાગ્યા.

गयान् प्राणान् त्रायते सा गायत्री।

પ્રાણનું રક્ષણ કરનારી ગાયત્રી છે. માટે પ્રાણાયામવડે પ્રાણુશકિતને સ્વાધીન અને સ્થિર કરવી અને માનસિક સ્થૈર્ય થયા પછી શ્રદ્ધાથી અધ્યાત્મજ્ઞાનમય ગાયત્રીનો જપ—અર્થભાવનાપૂર્વક—કરવો તેજ સત્ય ગયાશ્રાદ્ધ છે. તેમજ ઉપર નિરૂકતનું પ્રમાણ આપ્યું છે તે ઉપરથી "अपत्य, प्रजा" એવો પણ "गया" શબ્દનોઅર્થ થાય છે અર્થાત્ તેમના તરફનાં જે જે યોગ્ય કર્તવ્યો છે તે શ્રદ્ધા પૂર્વક કરવાં તે પણ ગયાશ્રાદ્ધ કહેવાય છે. માતા, પિતા, આચાર્ય અતિથિ ગુરૂ અને અન્ય માન્ય વિદ્વાન્ લોકોની શ્રધ્ધા પૂર્વક સેવા કરવી તે પણ ગયાશ્રાદ્ધ છે. સંતાનને યોગ્ય શિક્ષણ આપીને તેમને વિદ્વાનૂ ધાર્મિક અને ઉચ્ચાભિલાષી બનાવવાં તે પિતાનું સ્વસંતતિ પ્રતિ કર્તવ્યકર્મ છે. આ કર્મ શ્રધ્ધાપૂર્વક કરવું તેને પણ ગયાશ્રાધ્ધ કહે છે. આચાર્યને પણ તીર્થ કહે છે. એમ અષ્ટાધ્યાયીના ચતુર્થ અધ્યાયના ચતુર્થપાદના સૂત્ર ૧૦૮ મા ઉપરથી સમજાય છે. કારણ કે તે વેદાદિશાસ્ત્રો ભણાવીને શિષ્યને જ્ઞાન આપે છે; અને તેથી શિષ્ય જન્મમરણરૂપી દુઃખસાગરને તરી જાય છે. એ સૂત્રના અર્થની ટીપ્પણીમાં કાશિકાકાર લખે છે કે "અહીં આચાર્યને તીર્થ કહે છે." વળી તેનો પ્રયોગ સમજાવવાને ઉદાહરણ આપવામાં આવે છે ત્યાં પણ એમજ આપવામાં આવે છે કે सतीर्थ्यो ब्रह्मचारी। તે બ્રહ્મચારી કે જે આચાર્યકુલમાં રહેલો છે તેને તીર્થ્ય કહે છે, આ પ્રમાણે સંતાનથી લઇને ગુરૂ સૂધીનાં સર્વ કર્તવ્યો યથાવત્ કર્યાથી જ્ઞાનની પ્રાપ્તિ થઇને તદ્દ્વારા સર્વવ્યાપક વિષ્ણુનું (पद) સ્થાન

અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે. "વિષ્ણુપદ" એ શબ્દ મોક્ષનો પર્યાય છે, એ છતાં ગયા ગામના એક પત્થર ઉપર કોતરીને બનાવેલા પગને "વિષ્ણુપદ" એ નામ આપીને તે વિષ્ણુપદની પ્રાપ્તિને માટે ઉટપટાંગ વાતો કરવી તે ભ્રમ નહિ બીજું શું? માટે સર્વે મનુષ્યોએ ભ્રમ છોડીદઇને ખરા મોક્ષરૂપી વિષ્ણુપદ પ્રાપ્તિ કરવાને માટે પોતાનાં ઐહિક કર્તવ્યો દક્ષતા અને શ્રદ્ધાથી કરીને, ધાર્મિ બનીને, પ્રાણાયામાદિક અનુષ્ઠાનોવડે ખરૂં ગયાશ્રાદ્ધ કરવું.

इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम्। समूढमस्य पाᳬसुरे स्वाहा ॥ यजुः० अ० ५ मं० १५.

यदिदं किञ्च तद्विक्रमते विष्णुस्त्रिधा निधत्ते पदम्। त्रेधा भावाय पृथिव्यामन्तरिक्षे दिवीति शाकपूणिः, समारोहणे विष्णुपदे गयशिरसीत्यौर्णनाभः। समूढमस्य पांसुरेऽप्यायनेऽन्तरिक्षे पदं न दृश्यतेऽपि वोपमार्थे स्यात् समूढमस्य पांसुल इव पदं न दृश्यत इति पांसवः पादैः सूयन्त इति वा पन्नाः शेरत इति वा पंसनीया भवन्तीति वा ॥ निरु० अ० १२ खं० १८

અર્થ:—વિષ્ણુ એટલે ચરાચર જગત્‌માં વ્યાપકરૂપે રહેનાર પરમાત્મા. પરમેશ્વરે (इदम्) આ જગતને (त्रेधा) ત્રણ પ્રકારે (विचक्रमे) બનાવ્યું—ત્રણ પ્રકારે આ જગત્ સ્થાપિત કર્યું. (पदम्) આ પ્રાપ્તવ્ય સર્વ વસ્તુજાત અર્થાત્ જગત્ ત્રણ ઠેકાણે (निदधे) પ્રસ્થાપિત કર્યું છે. ગુરૂત્વવિશિષ્ટ જગત્ પૃથ્વી લઘુત્વ અને વાયુ પરમાણ્વાદિ જગત્ અંતરિક્ષમાં અને તેજોમય દ્યુલોકમાં આ પ્રમાણે ત્રણ પ્રકારની સૃષ્ટિ ત્રણ ઠેકાણે પરમેશ્વરે વ્યવસ્થિત કરી છે. (अस्य) આ પરમેશ્વરે રચેલા જગત્‌માં જે કંઇ (समूढम्) મોહસહિત જડ—જ્ઞાનરહિત છે તે (पांसुरे) અંતરિક્ષમાંજ છે અર્થાત્ પરમાણુમય આ સર્વ ગોળ હોઇને તે અંતરિક્ષમાં છે. આ સર્વ પરમેશ્વરનો મહિમા છે. તેનું સ્મરણ સર્વેએ કરવું જોઇ

આ મતલબને મળતું ઉપરોકતમંત્રનું ભાષ્ય યાસ્કાચાર્યે પણ કરેલું છે તે આ પ્રમાણે છે:—

(यत् इदम् किन च) આ જે કંઇ દેખાય છે તે સર્વ જગત્ પરમેશ્વરે રચ્યું છે. (त्रेधा) પૃથ્વી, અંતરિક્ષ અને દ્યુલોક એ પ્રમાણેના ત્રિવિધ જગત્‌ની (भावाय) ઉત્પત્તિને માટે તેણે પોતાનું સામર્થ્ય પ્રકટ કર્યું તે આ પ્રમાણે:- (समारोहणे) આરોહણ કરવા યોગ્ય (विष्णुपदे) મોક્ષસ્થાનમાં પ્રાણિયો જાય છે તે (गयशिरसि) પ્રાણથી પણ પર છે. માટે ત્યાં પ્રાણિઓએ સમાધિ સાધનાદ્વારા ઇશ્વર પ્રાપ્તિ કરવી જોઇએ. (पांसुरे) અંતરિક્ષમાં (पदम्) પરમાણુરૂપ જગત્ છે તે આંખોવડે (न दृश्यते) દેખાય નહિ એટલું સૂક્ષ્મ છે. (पादैः सूयन्ते) પાદ એટલે [illegible]નો અંશ અથવા પરમાણુ, તેનાથી ઉત્પન્ન થનાર તે પાંસવ કહેવાય છે. આ પ્રમાણે ઉત્પન્ન થયેલા (पन्नाः) પદાર્થ (शेरते) પરમેશ્વરના આશ્રયે રહે છે. જેમ વ્યાપકત્વ ગુણ ધારણ કરનાર પરમેશ્વરનું નામ "विष्णु" છે તેજ પ્રમાણે એનામાં પોષકત્વ ગુણ હોવાથી ઈશ્વરને "पूषा" કહે છે જેમ કે:—

पूषत्यथ यद्विषितो भवति तद्विष्णुर्भवति विष्णु-
र्विशतेर्वा व्यश्नोतेर्वा तस्यैषा भवति। इदं विष्णुरित्यृक्॥
निरु० अ० १२ खं० १७

ભાવાર્થ:—વિષ્ણુ શબ્દનો અર્થ વ્યાપક અને પૂષા શબ્દનો અર્થ સર્વપોષક એ પ્રમાણે છે. આ શબ્દો પરમેશ્વરના ગુણ દેખાડે છે. આ પ્રમાણે વાસ્તવિક મૂળની કલ્પના હોવા છતાં શબ્દસાદ્રશ્યને લીધે અનેક ભ્રામક કથાઓ ઉદરંભરી આળસુ લોકોએ પ્રચારમાં આણી છે. તીર્થો વિષે પણ આજ પ્રમાણે છે. તીર્થ એટલે સર્વ દુ:ખોને દુર કરીને સુખની પ્રાપ્તિ કરાવનાર. (तीर्थेन एव प्रायणी०) જે પ્રાયણીય યજ્ઞના અંતર્ગત અતિરાત્ર નામક વ્રત હોય છે તેને સમાપ્ત કરીને જે સ્નાન કરવામાં આવે છે તેને તીર્થ કહે છે. (तीर्थेन एव हिप्रस्नानि) આ તીર્થ વડે જ સ્નાન કરીને લોક ખરેખર શુદ્ધ થાય છે. (तीर्थेन एव उदयनीयः अतिरात्रः तीर्थेन हि उत्स्नान्ति) તથા ઉદયનીય[illegible] યજ્ઞ સંબંધી કર્મ કરીને જે સ્નાન કરવામાં આવે છે તેને પણ તીર્થ કહે છે. આ સ્નાન દુ:ખમાંથી તારનાર હોવાથી એને તીર્થ કહે છે. વેદાદિ જ્ઞાનગ્રંથોને પણ તીર્થ કહે છે. કારણ તેના પઠનથી આત્મા શુદ્ધ થઇને દુ:ખથી મુકત થાય છે. (तीर्थेभ्य अन्यत्र) વેદની આજ્ઞા વિના અંતરત્ર (सर्व भूतानि) કોઇને પણ (अहींसन्) કદીપણ દુ:ખ દેવું નહિ. અપરાધિ એવા

લોકોને જરૂર શાસન આપવું. આવા પ્રકારની જે વેદાજ્ઞા છે તે પાળતાં દુષ્ટોને દુઃખ થાય તેની કંઈ ફીકર નહિ; પણ એવાં વિધાન વિના બીજા વખતે કોઇને પણ દુઃખ દેવું નહિ. વેદ એજ ખરાં તીર્થ છે. તેમાં ગુરૂની સહાયથી જે સ્નાન કરે છે, તેજ શુદ્ધ થાય છે. વેદશાસ્ત્ર, સત્સંગ, ગુરુ, સત્યાદિવિના, અતિથિ, આ સર્વ જ્ઞાન દાન આપીને પાપમૂલક અજ્ઞાનનો નાશ કરનારા હોવાથી તે પણ તીર્થજ છે. એની સેવા કરીને તેને તીર્થસ્થાન કહે છે. (त्रयः स्नातकाः०) ખરા તીર્થમાં સ્નાન કરનાર ત્રણ છે. (૧) વિદ્યાસ્નાતક. જે ઉત્તમ નિયમોનું પાલન કરીને પૂર્ણ વિદ્યા શીખે છે, પણ બ્રહ્મચર્યાશ્રમ સમાપ્ત કરતો નથી. તેને વિદ્યાસ્નાતક કહે છે. વિદ્યારૂપી તીર્થમાં સ્નાન કરનાર. (૨) જે વિદ્યા પુર્ણપણે ન શીખતાં મધ્યમાંજ બ્રહ્મચર્યની સમાપ્તિ કરે છે તેને વ્રતસ્નાતક કહે છે. (૩) અને જે પુર્ણ બ્રહ્મચર્ય ધારણ કરીને વેદાદિશાસ્ત્રોનું પઠન કરે છે તે વિદ્યાવ્રતસ્નાતક કહેવાય છે. આ બ્રહ્મચારી શુદ્ધાત્મા, શુદ્ધાંતઃકરણ, સદાચારી, ધાર્મિક, વિદ્વાન્ અને પરોપકારી થાય છે. અને સર્વની તરફથી એને માન મળે છે. (तिर्य्याय) પ્રાણ–વેદ–વિજ્ઞાન ઇત્યાદિ તીર્થોમાં રહેનાર પરમેશ્વરને (नमः) નમસ્કાર છે. (ये) જે વિદ્વાન લોક (तीर्थानि) વેદાધ્યયન, સત્યભાષણ ઇત્યાદિ પૂર્વોક્ત તીર્થોમાં (प्रचरन्ति) વ્યવહાર કરે છે અને જે બ્રહ્મચર્ય પાલનથી સર્વ પ્રકારના બલયુક્ત થયા છે અને (सृका हस्ताः) વિદ્યા તથા વિજ્ઞાન એજ જેના બે હાથ છે. (निषङ्गिणः) ઉપદેશ વડે સર્વ સંશયોને દુર કરનારા છે. તેજ ખરા તીર્થમાં સ્નાન કરેલા કહેવાય છે. પરમેશ્વર, વેદવિદ્યા. જ્ઞાન, વિદ્વાન એ પ્રમાણે તીર્થ શબ્દના ખરા અને મૂલ અર્થ છે. પણ એમનો સંબંધ લોકોએ ગામોની સાથે જોડી દીધો છે.

પ્રશ્ન—જલ અને સ્થલમાંજ કોઈ પણ એવી શક્તિ છે કે જેમાં સ્નાન કરવાથી અથવા તે સ્થળે જવાથી મુક્તિ મળે છે એમ માનવામાં શું હરકત છે?

ઉત્તર—જલ અથવા સ્થલમાં પાપનો નાશ કરવાની શક્તિજ નથી. તેમ તેઓ કાર્ય કારણ ભાવ પણ સિદ્ધ નથી થતો. કાષ્ટમય નૌકા પુરૂષપ્રયત્નવિના મનુષ્યોને તારતી નથી તો પછી નૌકા પ્રમાણેજ જડ અને જ્ઞાનશૂન્ય પાણી અને જમીન મનુષ્યને પાપોથી કેવી રીતે છોડવી શકે? તેમને માટે તો વેદ અને વિદ્વાનૂજ તીર્થો જોઇએ. કાશી, પ્રયાગાદિ સ્થાનો પાપનાશક છેજ નહિ જ્ઞાનસમુદ્રમાં સ્નાન અને વિદ્વત્સમાગમ એજ ખરાં તીર્થસ્થાન છે. એમ છતાં સ્વાર્થી લોકોએ ગામમહાત્મ્ય લખીને લોકોનાં મન ખરાં તીર્થોથી વિમુખ કરી જુદીજ દીશામાં વાળ્યાં.

પ્રશ્ન– इमम् मे गङ्ग यमुने सरस्वतो० ઇત્યાદિ વેદમંત્રોમાંજ નદીઓનાં નામ આવે છે તેમ છતાં તમે તે નદીઓનું મહાત્મ્ય કેમ નથી માનતા?

ઉત્તર—વેદમા એ નદીઓનાં નામ માત્ર આવ્યાથી તેઓ કંઇ પાપનાશક ઠરતી

નથી. હા, તે નદીઓ છે અને તેના જલની અધિક શુદ્ધતા આદિ ગુણોને લીધે જે ઉપકાર થાય છે તે તો હું પણ માનું છું. એક સ્થાનની નદી કરતાં બીજા સ્થાનની નદીના પાણીમાં શારીરિક બાહ્ય મલ અથવા વસ્ત્રાદિકનો મલ સાફ કરવાનું સામર્થ્ય વિશેષ હોય તે ઉપરથી તે નદી પાપનાશ કરવામાં સમર્થ ઠરતી નથી. જ્ઞાનથીજ આત્મા અને મન શુદ્ધ થાય છે. પાણીનો ગુણ માત્ર બાહ્યમલ દૂર કરવાનો છે. યોગસાધનનાં પુસ્તકોમાં ઇડા, પિંગલા, સુષુમ્ણા, કૂર્મ એ શરીરની નાડીઓનું વર્ણન કરવામાં આવેલું છે. અને તેમનેજ ઠેકાણે ગંગા, યમુના વગેરે નામો આપેલાં છે. (ઇડા અને પિંગલા જ્યાં મળે છે તેને ગંગા યમુના સંગમ પણ કહેલો છે) આ સંગમમાં જે સ્નાન કરે છે અર્થાત્ ત્યાં જે પરમાત્માનું ધ્યાન કરે છે તે દુઃખ મુક્ત થઇને મોક્ષ પામે છે. પ્રાણાયામદ્વારા જ્યારે યોગી ઈડા અને પિંગળાના સંગમમાં થઇને સુષુમ્ણાદ્વારા ઉપર જાય છે ત્યારે તેને સમાધિસુખનો અનુભવ થાય છે આ એનો ભાવ છે અને તે સર્વથા ખરો અને પ્રત્યેકના અનુભવમાં આવે તેવો છે. એજ પ્રમાણે:—

सिताऽसिते यत्र सङ्गथे तत्राप्लुतासो दिवमुत्पन्ति॰ આ પરિશિષ્ટ વચનમાંનું "सिता सिते" પદ ગંગા અને યમુના નદીઓનું વાચક નથી પણ ઇડા અને પિંગલા નાડીઓનુંજ વાચક છે. અને એનો અર્થ આ પ્રમાણે છે—જે માણસ પ્રાણાયામદ્વારા ઇડા અને પિંગલા એ નાડીઓ સુષુમ્ણા આગળ એક બીજાને મળે છે, ત્યાં જાય છે તે પવિત્ર થઇને સુખાત્મક મોક્ષસ્થાનમાં જાય છે. આ પ્રમાણે વાસ્તવિક અર્થ હોવા છતાં ગંગા અને યમુના નદીઓનો સંગમ એવો "सितासिते यत्र संगथे" નો અર્થ કર્યો. પરંતુ આ અર્થનો વિપર્યાસ છે એમ જેણે યોગશાસ્ત્રનો અભ્યાસ કર્યો હશે તેને સહજ ધ્યાનમાં આવશે. ગંગા અને યમુના નદીઓના સંગમમાં સ્નાન કરનાર મોક્ષાનંદનો ઉપભોગ કરે છે એવો કોઇને પણ અનુભવ નથી. અને પૂર્વોક્ત નાડીઓના સંયોગમાં સમાધિ સમયે પ્રવેશ કર્યાથી ખરા આનન્દનો અનુભવ થાય છે તે વિષે વિશ્વસનીય આધાર છે.

सितासितमिति वर्णनाम तत्प्रतिषेधोऽसितम् ॥

निरु॰ अ॰ ९ खं॰ २

પ્રકાશ અને અંધકાર, ગોરૂં અને કાળું એના વાચક સિત અને અસિત એ શબ્દો છે. અમારા અનુભવમાં પ્રકાશ અને અંધકાર એ બન્ને જુદા જુદા પદાર્થ પરમેશ્વરના અનંત તેજમાં પૂર્ણપણે મળી ગયા છે; અને તે ઠેકાણેથી આપણ પર-

ઈશ્વરીય તેજ ચમકે છે. સમાધિ વખતે પ્રકાશાંધકારમય સુષુમ્ણામાંથી યોગી પારમેશ્વરીય તેજમાં પેસે છે અને ત્યાં ખરા આનંદનો અનુભવ કરે છે. આ અર્થ અને ઇડા-પિંગલા સંબંધે ઉપર આપેલો सितासिते એ ઉપરના વચનનો અર્થ વાસ્તવિક એકજ છે પણ તે શબ્દોના નદી વાચક અર્થ થવા તે તો દુરાપાસ્તજ છે. માટે સુખની ઈચ્છા રાખનાર પ્રત્યેક ધાર્મિક મનુષ્યે ખરા સંગમ ઉપર સ્નાન કરવાની ઇચ્છા રાખવી.

न तस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः।
हिरण्यगर्भ इत्येष मा मा हिꣳसीदित्येषः यस्मान्न जात
इत्येषः ॥ यजुः० अ० ३२ मं० ३

એજ પ્રમાણે તંત્ર અને પુરાણ ગ્રંથોમાં મૂર્તિપૂજા તથા નામસ્મરણનું વિધાન અને મહાત્મ્ય લખેલું છે. એનું મૂળ વેદોથી તદ્દન વિરૂદ્ધ છે જેમ કે:—

અર્થ:—(यस्य) જે પૂર્ણ, અજ, અનેક અને સર્વવ્યાપક પરમાત્માનો (महत यशः) મોટો મહિમા છે, જેની વેદરૂપી આજ્ઞા પાળી એજ પ્રમાણે ધર્મ સત્યભાષણાદિ કરવું એજ અમારૂં કર્તવ્ય છે, (हिरण्यगर्भ) સૂર્યાદિક તેજસ્વી લોકનો પણ જે ઉત્પાદક છે, તેની સર્વ મનુષ્યોએ (माम मा हिं सी) "મારૂં સર્વ પ્રકારે રક્ષણ કર" એવી પ્રાર્થના કરવી. (यस्मात) કારણ (नजात) તે ઉત્પન્ન થએલો નથી અર્થાત અજન્મા છે માટે (तस्य) તે પરમેશ્વરની (प्रतिमा न अस्ति) પ્રતિમા મૂર્તિ, પ્રતિકૃતિ, પરિમાણ માપ કંઇજ નથી. પરમેશ્વર અનુપમેય, અમૂર્ત, અપરિમેય નિરાકાર તથા સર્વગત હોવાથી એકદેશીય પદાર્થ પ્રમાણે એની મૂર્તિ થઈ શકતી નથી. પરમેશ્વરના સ્વરૂપનું વર્ણન આગળ આપેલું છે.

स पर्यगाच्छुक्रमकायमव्रणमस्नाविरꣳ शुद्धमपाप-
विद्धम्। कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽ-
र्थान् व्यदधाच्छाश्वतीभ्यः समाभ्यः ॥

यजुः० अ० ४० मं० ८

અર્થ:—આ મંત્રનો અર્થ વેદના નિત્યત્વવિચાર વિષયમાં પૃષ્ઠ ૩૦ મા ઉપર કરેલો છે ત્યાં જોઈ લેવો.

આથી પણ ઇશ્વર શરીર, જન્મધારણાદિ ધર્મથી રહિત ઠરે છે; માટે આ મંત્રને મૂર્તિપૂજામાં યોજવા કોઇપણ સમર્થ નથી.

પ્રશ્ન—વેદમાં પ્રતિમા શબ્દ છે કે નહિ ?

ઉત્તર—છે.

પ્રશ્ન—ત્યારે નિષેધ શા માટે કરો છો ?

ઉત્તર—પ્રતિમા શબ્દના અર્થથી મૂર્તિનુંજ ગ્રહણ નથી થતું, પણ પરિમાણ, માપ એ અર્થ લેવાય છે. તેને માટે પ્રમાણ:—

संवत्सरस्यं प्रतिमां यां त्वा रात्र्युपास्महे । सा न
आयुष्मतीं प्रजां रायस्पोषेण संसृज ॥
अथर्व॰ कां॰ ३ व॰ १॰ मं॰ ३

मुहूर्त्तानां प्रतिमा ता दश च सहस्राण्यष्टौ च
शतानि भवन्त्येतावन्तो हि संवत्सरस्य मुहूर्त्ताः ॥
श॰ कां॰ १॰ प्र॰ ३ ब्रा. २ कं. २०

અર્થ:—વિદ્વાન્ લોક (याम्) જે રાત્રિને (संवत्सरस्य) વર્ષનું (प्रतिमाम्) પરિમાણ માને છે અને ઉપાસના કરે છે (त्वा) તેજ (रात्री) રાત્રીરૂપી પરિમાણનો આશ્રય કરીને અમે પણ (उपास्महे) ઉપાસના કરીએ છીએ. ત્રણસો સાઠ રાત્રિવડે સંવત્સરનું માપ થાય છે માટે રાત્રિ એ એક માપ–પરિમાણ છે. હે ! ઇશ્વર (सा) તે રાત્રિ (नः) અમને (रायस्पोषेण) ધન અને પુષ્ટિ આપીને (आयुष्मतीम्) દીર્ઘ આયુષ (संसृज) થાય એમ કર. મનુષ્યોએ એવો પ્રયત્ન કરવો જોઇએ કે જેથી પ્રત્યેક દિવસ લાભ અને સુખ આપનાર નિવડે. (संवत्सरस्य मुहूर्त्ता) વર્ષનાં મહૂર્ત્ત (दश-सहस्राणि) દશ હજાર (अष्टौशतानि) આઠસો છે; પણ એક (प्रतिमा) વર્ષ માપવાનું પરિમાણજ છે. (વર્ષના દિવસ ૩૬૦×૩૦ એક દિવસનાં મુહૂર્ત=૧૦૮૦૦) બે ઘડીનું મહૂર્ત્ત અને ત્રીસ મહૂર્ત્તનો એક દિવસ અને વર્ષ એકનાં દિવસ ત્રણસો સાઠ. આ હિસાબથી એક વર્ષનાં દશ હજાર અને આઠસો મુહૂર્ત થાય છે.

यद्वाचानभ्युदितं येन वागभ्युद्यते। तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ सामवेदीय तलवकारोपनिषदि ॥ खं. १ मं. ४

અર્થ:—(યદ્ ઇદમ્) જે આ પ્રત્યક્ષ દેખાતું મૂર્ત જગત્ છે (ઇદમન) તે કંઈ બ્રહ્મ નથી. વળી જે (वाचा) સંસ્કૃત વાણીને પણ (अभ्युदितम्) અવિષય છે પણ (येन) જેણે (वाक्) વાણીને (अभ्युद्यते) જાણી છે (तदेव) તેજ બ્રહ્મ છે. વિદ્વાન્ લોક નિરાકાર, સર્વવ્યાપક, અજ, સર્વનિયંતા, સચ્ચિદાનંદ સર્વ સાક્ષી બ્રહ્મનીજ ઉપાસના કરે છે. એનીજ તમે પણ ઉપાસના કરો.

પ્રશ્ન—મનુસ્મૃતિમાં નીચે પ્રમાણેના શ્લોકોમાં પ્રતિમા તથા દેવ શબ્દ આવે છે તેની શી વ્યવસ્થા કરો છો:—

प्रतिमानां च भेदकः।

देवतान्यभिगच्छेतु।

देवताभ्यऽर्चनं चैव।

देवतानां च कुत्सदनम्।

देवतायतनानि च।

देवतानां छायोल्लङ्घननिषेधः।

प्रदक्षिणानि कुर्वीत।

देवाब्राह्मणसन्निधौ।

देवतागारभेदकान्।

ઉત્તર—આ ઠેકાણે પ્રતિમા શબ્દથી રતિ, વાલ, તોલો આદિ વજનનું ગ્રહણ થાય છે. જેમકે—

तुलामानं प्रतिमानं सर्वं च स्यात्सुलक्षितम् ॥

मनु० अ० ८ श्लो० ४०३

અર્થ:—પ્રતીમાન અર્થાત્ તોળવાનાં સાધનો બરાબર (ઉત્તમ) હોવાં જોઇએ કમતી ન હોવાં જોઇએ. આ પ્રમાણે મનુસ્મૃતિમાં પણ પ્રતિમા અથવા પ્રતીમાન શબ્દ પરિણામ-માપનાજ અર્થમાં વાપરેલો છે. અને તેનેજ ઉદ્દેશીને ઉપરના શ્લોકમાં (प्रतिमानां च भेदकः) વજન તોડીને ઓછાં રાખનારને શિક્ષા કરવાની કહેલી છે. તેજ પ્રમાણે આગળનાં દેવતા શબ્દવાળાં વાક્યોમાં પણ દેવતા શબ્દ વિદ્વાનોનો વાચક છે. કારણ કે શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે કે विद्वांसो हि देवाः। વિદ્વાનનેજ દેવ કહે છે. આ પ્રમાણે પ્રતિમા અને દેવતા શબ્દના મૂળ અર્થ હતા તે કાળાંતરે પરમેશ્વરમાં ઘટાવ્યા. વિદ્વાનો જેમાં પઠનપાઠન કરે છે, રહે છે તે સ્થાનોને દેવત, દેવાયતન કહે છે. કારણ કે વિદ્વાનોનેજ દેવ કહે છે અને દેવનેજ દેવતા કહે છે. વિદ્વાનોનોજ સત્કાર કરવો. કોઇએ એમની નિંદા, છાયોલ્લંઘન તથા તેમનાં સ્થાનોનો નાશ કરવો નહિ, પણ સર્વેએ એમની પાસે જવું તથા જ્ઞાનની પ્રાપ્તિ કરવી તેમને પોતાની જમણી બાજુએ બેસાડવા તથા પોતે તેમની ડાબી બાજુએ બેસવું આ પ્રમાણે જ્યાં જ્યાં પ્રતિમા તથા દેવ-દેવત શબ્દો આવે ત્યાં ત્યાં પ્રકરણાનુકુળ અર્થ કરવા અહિં ગ્રંથવિસ્તારભયથી વધારે લખવું અશક્ય છે. આજ પ્રમાણે મૂર્તિપૂજન, કંઠી-તિલકધારણાદિનો નિષેધ સમજવો.

ઉપર પ્રમાણેજ સૂર્ય ચંદ્ર ઇત્યાદિ ગ્રહો પીડે છે એમ સમજીને તેની શાંતિને માટે आकृष्णेन रजसा० ઇત્યાદિ મંત્રોના જપ કરે છે; પરંતુ તે મંત્રોના વાસ્તવિક અર્થ તદ્દન ભિન્નજ છે. आकृष्णेन रजसा० આ મંત્ર-આકર્ષણાનુકર્ષણ વિષયમાં પૃષ્ઠ ૧.૩ ઉપર આવેલો છે ત્યાં તેનો અર્થ જોઇ લેવો અને इमं देवा असपत्नम० નો મંત્ર રાજપ્રજાધર્મવિષયમાં પૃષ્ઠ ૧૬૨ ઉપર આવેલો છે ત્યાં તેનો અર્થ જોઇ લેવો. બીજા મંત્રો નીચે પ્રમાણે છે:—

अग्निर्मूर्द्धा दिवः ककुत्पतिः पृथिव्या अयम्। अपा
रेताꣳसि जिन्वति ॥ यजुः० अ० ३ मं० १२

અર્થ:—(अयम्) આ (अग्निः) પરમેશ્વર અથવા લૌકિક અગ્નિ (दिवः) [illegible] (पृथिव्याः) [illegible] પૃથ્વીનો (पतिः) પા[illegible]

અને તે (मुर्द्धा) સર્વના શિરોભાગમાં વિરાજમાન છે. (ककुत्) સર્વ દિશાઓમાં વ્યાપ્ત હોવાથી તેમનો સર્વ પ્રકારે રક્ષણ કરનારો છે, (अपाम्) પ્રાણ અને જલનું (रेतांसि) સામર્થ્ય ઓજ (जिन्वति) વધારે છે. આ પ્રમાણે અગ્નિ વિદ્યુત્ તથા સૂર્યાદિદ્વારા પૂર્વોક્ત પદાર્થોનો તે રક્ષક છે. આ મંત્રમાંના ककुत् શબ્દમાં " भ " ના સ્થાનમાં व्यत्ययो बहुलम् । આ પાણિનીય સૂત્રવડે તકાર થઇ જાય છે.

उद्बुध्यस्वाग्ने प्रतिजागृहि त्वमिष्टापूर्ते स सृजेथा-
मयं च। अस्मिन्त्सधस्थे अध्युत्तरस्मिन् विश्वे देवा
यजमानश्च सीदत ॥

यजुः० अ० १५ मं० ५४

અર્થઃ—(हे अग्ने) હે જ્ઞાનમય પરમેશ્વર ! (उद्बुध्यस्व) અમારા હૃદયમાં પ્રકાશિત થા. (प्रतिजागृहि) અવિદ્યાન્ધકારમાં સૂતેલા સર્વ જીવોને જગાડીને વિદ્યારૂપી સૂર્ય દેખાડ. હે પરમેશ્વર ! (त्वम् इष्टापूर्ते०) તેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના (संसृजे) સાધનોને સંપાદન કરે અને તું એમને સુખ આપ. (अस्मिन् सधस्थे) આ લોકમાં—શરીરમાં (अध्युत्तरस्मिन्) અને પરલોક—બીજા જન્મમાં (विश्वेदेवाः) સર્વે વિદ્વાન્ લોકની સેવા યજમાનો (सीदत) સદૈવ સ્થિતિ કરતા રહો, કે જેથી અમારામાં અહીં સર્વ વિદ્યાઓનો પ્રકાશ થાય. આ મંત્રમાં પણ व्यत्ययो बहुलम् સૂત્રવડે संसृजेथाम् અને सीदत એ ક્રિયાપદોમાં પુરૂષ વ્યત્યય થયો છે.

बृहस्पते अति यदर्यो अर्हाद्द्युमद्विभाति क्रतुमज्ज-
नेषु। यद्दीदयच्छवस ऋतप्रजात तदस्मासु द्रविणं
धेहि चित्रम् ॥ यजुः० अ० २६ मं० ३

અર્થઃ—હે (बृहस्पते) વેદરક્ષક ! (ऋतप्रजात) વેદવિદ્યાપ્રતિપાદિત જગદીશ્વર તું (जनेषु) યજ્ઞ કરનારા વિદ્વાન અથવા લોકલોકાંતરમાં, (क्रतुमत्) જેમના યોગે પુષ્કળ ક્રતુ—યજ્ઞ થાય એવા (द्युमत्) સદ્વ્યવહારના પ્રકાશક (दीदयत् शवसः) બલને દેનાર એવા બલને ઉત્પન્ન કરનારા અને (यत्, જેમના યોગે (अर्यः) ચ

રાજા સ્વામી અથવા વૈશ્ય (अर्हन्) ધનર ધાર્મિક જનોમાં (विभाति) શોભે તેવાં અમને પણ (चित्रम्) અદ્ભુત (द्रविणम्) ધન-સામર્થ્ય (अस्मासु) ધે આપ. આ પ્રમાણે આ મંત્રવડે ઈશ્વરની પ્રાર્થના કરવામાં આવે છે.

अन्नात्परिस्रुतो रसं ब्रह्मणा व्यपिबत् क्षत्रम्पयः सोमं प्रजापतिः। ऋतेन सत्यमिन्द्रियं विपानं शुक्र-मन्धसः। इन्द्रस्येन्द्रियमिदं पयोऽमृतं मधु ॥

यजुः० अ० १९ मं० ७५

અર્થઃ—(क्षत्रम्) રાજકર્મ કરનાર ક્ષત્રિ (ब्रह्मणा) વેદવિદ્યાની લોકે સહિત (पयः) અમૃતાત્મક (सोमम्) સોમવલ્લીના (रसम्) બુદ્ધિ, આનંદ, શૌર્ય, ધૈર્ય, બલ અને પરાક્રમાદિ સદ્ગુણોની વૃદ્ધિ કરનાર રસ (व्यपिबत्) પિએ છે તેજ ખરો સભાધ્યક્ષ અને અને રાજા અને તેજ (ऋतेन) યથાર્થ વેદ જાણીને (सत्यम्) ધર્મ અને રાજ્યવ્યવહાર, (इन्द्रियम्) વિદ્યાયુક્ત શુદ્ધ મન, (विपानम्) વિવિધ રાજ-ધર્મનું રક્ષણ (शुक्रम्) સુખકર, (अन्धसः) શુદ્ધ અન્નની ઇચ્છાના કારણીભૂત, (पयः) સર્વ પદાર્થવિદ્યાના સારયુક્ત, (अमृतम्) મોક્ષસાધક, (मधु) મધુર, સત્-સ્વભાવયુક્ત (इन्द्रस्य) જ્ઞાનયુક્ત મન પ્રાપ્ત કરીને (इदम्) સર્વ વ્યાવહારિક અને પરમાર્થિક સુખ મેળવે છે. (प्रजापतिः) પરમેશ્વર એવી આજ્ઞા કરે છે કે જે ક્ષત્રિય રાજા હોય તેણે આ પ્રમાણે પ્રજાપાલન કરવું. (अन्नात्) ભોજ્ય પદાર્થોમાંથી જેમ (परिस्रुतः) સર્વ પ્રકારે રસ નીકળે છે તેજ પ્રમાણે રાજાએ સર્વેને આનંદ-રૂપી રસ પાવો—મનમાં સુખ થાય તેમ કરવું.

शन्नो देवी रभीष्टय आपो भवन्तु पीतये। शंयोर-भिस्रवन्तु नः ॥ यजुः० अ० ३६ मं० १२

અર્થઃ—(देवीः) સર્વ પ્રકાશક, (आपः) સર્વ વ્યાપક પરમેશ્વર, (अभीष्टये) ઇષ્ટાનન્દ દાતા અને (पीतये) તૃપ્ત કરનાર થઓ. તેનજ (नः) અમને (शम्) સુખદાયક થઓ તથા આ અમારા ઉપર (शंयोः) ઐહિક અને પારલૌકિક સુખની (अभिस्रवन्तु) વર્ષા કરો. (આપ શબ્દ आपलृ व्याप्तौ ધાતુ ઉપરથી થયો છે માટે તેનો અર્થ વ્યાપક થાય છે. આપ શબ્દ પરમેશ્વરનો વાચક છે તે વિષે પ્રમાણઃ—

यत्र लोकांश्च कोशांश्चापो ब्रह्मजना विदुः। असच्च यत्र सच्चान्तः स्कम्भं तं ब्रूहि कतमः स्विदेव सः॥
अथर्व० कां० १० अ० ३ व० २२ मं० १०

અર્થઃ—(जनाः) વિદ્વાન્ લોક (आपः ब्रह्म) આપ શબ્દવડે વ્યક્ત છે તે બ્રહ્મને विदुः) જાણે છે. (यत्र लोकान् च कोशान् च) જેમાં સર્વ લોક અને કોશ ભરેલા છે. (असत् सत् च) કર્યં અને કારણ જગત્ જેમાં રહે છે તે કોણ છે ? (तम स्कम्भम) તે જગત્નો ધારણ કર્તા પરમેશ્વર છે. તે (अन्तः) સર્વ પદાર્થોમાં પરિપૂર્ણ ભરેલો છે. આ મંત્રમાં आपः શબ્દ પરમેશ્વરનો વાચક સ્પષ્ટ બતાવેલો છે. સિવાય ધાત્વર્થ ઉપરથી પણ પરમેશ્વરનો એક વીશેષગુણ જાણવામાં આવે છે તે ધ્યાનમાં આવશે.

कया नश्चित्र आभुवदूती सदा वृधः सखा। कया सचिंष्ठया वृता॥ यजुः० अ० २७ मं० ३९

(कया) ઉપાસના (सचिष्टया) સત્કર્માનુષ્ઠાન, वृता) સદ્વર્તન, (कया) અને ઉત્તમ સદ્ગુણવડે પ્રકાશિત થયેલા (चित्रः) અનંત સામર્થ્યયુક્ત (सदावृधः) આનંદથી પૂર્ણ પરમેશ્વર (नः सखा) અમારો મિત્ર (आभुवत्) થાય. (ऊती) તે જગદીશ્વર સદા પોતાની કૃપા વડે અમને સહાય થઈને અમારો રક્ષક થાય અને અમે તેની નિત્ય પ્રેમથી ભક્તિ કરીએ. પરમેશ્વરની મનોભાવન.થી સેવા અને ઉપાસના કરવી.

केतुं कृण्वन्नं केतवे पेशो मर्या अपेशसे। समुषद्भिरजायथाः॥ यजुः० अ० २९ मं० ३७

અર્થઃ—હે (मर्या) મનુષ્યો તમે (उषद्भिः) પરમેશ્વરની પ્રાપ્તિની ઇચ્છા કરનારા અને તેની આજ્ઞા પાલન કરનારા વિદ્વાનોની સાથે સંબંધ રાખશો તો ખરેખર (अकेतवे) અજ્ઞાનનો નાશ થવામાં કારણીભૂત (केतुम) જ્ઞાન અને (अपेशसे) દારિદ્રનો નાશ કરનાર (पेशः) ચક્રવર્ત્તી રાજ્યાદિક ધન (कृण्वन्) મેળવશો, અને તે મળવાથી (अजायथाः) તમને પરમેશ્વર પ્રાપ્તિ પામ થશે. (આ પ્રમાણે આ નવ મંત્રો મહીધરાચાર્યે અશ્લીલ માનેલા છે. પરંતુ એમના અર્થ ઉપરથી મહીધરની સાથે તેમનો કંઇ પણ સંબંધ છે કે નહિ તે વાચકોએ પોતેજ વિચારવું).

इति ग्रन्थप्रामाण्याप्रामाण्यविषयः।

—: પ્રતિનિધિ સભાના કાર્યાલયમાં મળશે :—

વાંચવા તેમજ વ્હેંચવા યોગ્ય ટ્રેકટો

		નંગની કીં.	૧૦૦ની કીં.
૧	સંધ્યા	૦— ૦— ૬	૨—૮— ૦
૨	અગ્નિહોત્ર	૦— ૧— ૦	૫— ૦— ૦
૩	વિવાહ પ્રતિજ્ઞાના મંત્રો	૦— ૧— ૦	૫— ૦— ૦
૪	રામાયણ રહસ્ય	૦— ૦— ૬	૨— ૮— ૦
૫	પુરૂષ સૂકત (યજુર્વેદ ૩૧ અધ્યાય)	૦— ૨— ૦	૧૦— ૦— ૦
૬	વૈદિક ધર્મના પ્રમાણ અને અપ્રમાણ ગ્રંથો	૦— ૨— ૦	૧૦— ૦— ૦
૭	આર્યસમાજ અને રાષ્ટ્રીય મહાસભા	૦— ૩— ૦	૧૫— ૦— ૦
૮	આસન અને આરોગ્ય (પાકું પુઠું)	૧— ૦— ૦	
	(કાચું પુઠું)	૦—૧૨— ૦	
૯	સૂર્યભેદન વ્યાયામ	૦— ૬— ૦	
૧૦	સંગીતશ્રેણી	૦— ૩— ૦	
૧૧	સુબોધ સંગીતાવલી	૦— ૩— ૦	

સુચનાઃ— ઉપરના પુસ્તકોની છુટક નકલ મંગાવનારે પોસ્ટની ટીકીટો મોકલી આપવી. કારણ કે વી. પી. થી મંગાવનારને મૂળ કીંમત ઉપરાંત ચાર આનાનો વધુ ખર્ચ લાગશે.

લખોઃ— આર્યપ્રતિનિધિ સભા કાર્યાલય
સ્ટેશનરોડ
આણંદ

આર્યસમાજના નિયમો.

૧ વેદ સત્યવિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે તે સર્વનું આદિમૂળ પરમેશ્વર છે.

૨ ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા, અનન્ત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, અને સૃષ્ટિકર્તા છે. એનીજ ઉપાસના કરવી યોગ્ય છે.

૩ વેદ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે; વેદ ભણવા ભણાવવા અને સાંભળવા સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

૪ સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં સર્વદા ઉદ્યત રહેવું જોઈએ.

૫ સર્વ કામ ધર્માનુસાર અર્થાત્ સત્ય અને અસત્યનો વિચાર કરીને કરવું જોઈએ.

સંસારનો ઉપકાર કરવો અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

૭ સર્વ સાથે પ્રીતિપૂર્વક ધર્માનુસાર યથાયોગ્ય વર્તવું જોઈએ.

૮ અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઈએ.

૯ પ્રત્યેકે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ ન રહેવું જોઈએ; કિંતુ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઈએ.

૧૦ સર્વ મનુષ્યોએ સામાજિક સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઈએ, અને પોતપોતાના હિતકારી નિયમોમાંજ સ્વતંત્ર રહેવું જોઈએ.